પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

Whatsapp No.9712880678

વર્ષઃ૨૫, અંકઃ૧૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૪-૦૯-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 19 PRICE :-RS. 1.50 DATE : 14-09-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)


PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગુજરાતના CM તરીકેના શપથ બાદ તાત્કાલિક સૌરાષ્ટ્રના વરસાદ અંગે બેઠક

ગાંધીનગર,

ગાંધીનગરમાં મુખ્યમંત્રીની શપથવિધિ પહેલાં ભૂપેન્દ્ર પટેલના સમર્થકો અને ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં રાજભવન ખાતે પહોંચ્યા હતાં. ભાજપના ઝંડા સાથે કાર્યકરો અને સમર્થકોએ નારા લગાવ્યા હતા. મુખ્યમંત્રીની શપથવિધિ આજે બપોરે ૨.૩૦ વાગ્યે યોજાશે. રાજભવન પાસે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.રાજયના નવા મુખ્યમંત્રી તરીકે ઘાટલોડિયાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલ જાહેરાત થતાં જ સ્થાનિક લોકો અને કાર્યકરોમાં ખૂબ જ આનંદની લાગણી ફેલાઈ છે. શપથ સમારોહમાં ભાગ લેવા ભૂપેન્દ્ર પટેલના પરિવારના સભ્યો પણ પહોંચી ગયા છે. પત્ની, પુત્ર, પુત્રવધૂ,પૌત્રી,પુત્રી અને અન્ય પરિવારના સભ્યો પ્રથમ હરોળમાં બેઠા હતાં. નીતિન પટેલ તથા ભાજપના પ્રદેશ પ્રમુખ પાટીલે ભૂપેન્દ્ર પટેલને અભિનંદન પાઠવ્યાં હતાં. શપથવિધિ વેળાએ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર, ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ, ભારત સરકારના ગૃહ અને સહકાર વિભાગના કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, કોલસા-ખાણ અને સંસદીય કાર્ય વિભાગના કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષી, મત્યપાલન-પશુપાલન



અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રુપાલા, કેન્દ્રીય આયુષ વિભાગના રાજ્યમંત્રી મહેન્દ્ર મુંજપરા, રેલવે વિભાગના રાજ્યમંત્રી દર્શના જરદોશ ઉપસ્થિત રહ્યા હતા. તે સિવાય ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની દિકરી અનારબેન પટેલ પણ શપથગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં.ભૂપેન્દ્ર પટેલની સાંજે મુખ્યમંત્રીની જાહેરાત થતાં જ રાતોરાત ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારમાં નવા મુખ્યમંત્રી તરીકે તેમને અભિનંદન આપતાં પોસ્ટરો લાગી ગયાં હતાં. સ્થાનિક મંડળો અને ઘાટલોડિયા વિધાનસભા તરફથી ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલને અભિનંદન આપતાં પોસ્ટરો ઠેરઠેર જોવા મળ્યાં હતાં. ઘાટલોડિયામાં કે.કે નગર પાટીદાર ચોક, પ્રભાત ચોક, ઘાટલોડિયા ગામ, મેમનગર, સીપી નગર, ગુરુકુલ, નારણપુરા વગેરે જગ્યાએ ૧૦૦થી વધુ અભિનંદનનાં પોસ્ટરો મારવામાં આવ્યાં છે. નીતિન પટેલે કહ્યું હતું કે હું ભૂપેન્દ્ર પટેલની સાથે છું, તેઓ મારા જૂના અને નજીકના મિત્ર છે. સામાજિક રીતે પણ અમે નજીક છીએ. તેમને જરૂર પડશે ત્યારે ચોક્કસ માર્ગદર્શન આપીશ. આજના શપથગ્રહણ સમારંભમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ સહિત, કર્ણાટક, ગોવા અને આસામના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહેશે. શપથવિધિ બાદ મહત્ત્વની બેઠક મળશે, જેમાં મંત્રીમંડળને લઈને ચર્ચાઓ કરાશે. નીતિન પટેલ બાદ તેમણે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે પણ મુલાકાત કરી હતી. ત્યાર બાદ તેમણે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાથે પણ મુલાકાત કરી હતી. ગુજરાતના નવા વરાયેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગર જિલ્લામાં વરસાદને કારણે અસર પામેલાં ૩ ગામોના અને પાણીમાં ફસાયેલા ૩૫ જેટલા લોકોને તાત્કાલિક મદદ સહાય પહોંચાડી સલામત સ્થળે ખસેડવા અને એરલિફ્ટ કરવાની વ્યવસ્થા કરવા જામનગર જિલ્લા કલેકટર સાથે વાત કરીને સૂચનાઓ આપી છે. રાજ્યપાલ સમક્ષ સરકાર રચવાનો દાવો કર્યા બાદ તેઓ અડાલજ સ્થિતિ દાદા ભગવાનના મંદિર પહોંચ્યા હતા અને દર્શન કર્યા હતાં. આ અગાઉ નવા મુખ્યમંત્રી બનેલા ભૂપેન્દ્ર પટેલ કમલમથી જ સરકારી ગાડીમાં બેસીને રાજભવન પહોંચ્યા હતા. ગાડીમાં આગળ ભૂપેન્દ્ર પટેલ પાછળ સીઆર પાટીલ બેઠા હતા. કમલમથી જ નવા મુખ્યમંત્રીને સરકારી ગાડીનો કાફલો મળી ગયો હતો. આ પ્રસંગે રૂપાણી ઉપરાંત પાટીલ, કેન્દ્રીય નિરીક્ષકો ભૂપેન્દ્ર યાદવ, નરેન્દ્રસિંહ તોમર, પ્રહલાદ જોશી તેમજ ભાજપના પ્રદેશ અગ્રણીઓ, સાંસદો વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા બાદ સીધા જ ભુપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી કાર્યાલય પહોંચ્યા હતાં. જ્યાં તેમણે તાત્કાલિક સૌરાષ્ટ્રમાં વરસાદના કારણે ઉદભવેલી સ્થિતિની સમીક્ષા કરવા માટે ઈમરજન્સી બેઠક બોલાવી હતી. તેમણે શપથ લીધા પહેલાં જ જામનગરની સ્થિતિ અંગે કલેક્ટરને સૂચનાઓ આપી હતી. ભૂપેન્દ્ર પટેલ આજે મુખ્યમંત્રી તરીકે ૨.૨૦ મિનિટે સમયસર શપથ ગ્રહણ કર્યા છે. શપથ લીધા બાદ તરત ભૂપેન્દ્ર પટેલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળવા પહોંચ્યા હતા. શપથવિધિ દરમિયાન વિજય રૂપાણી, નીતિન પટેલ સહિતના પૂર્વ મંત્રીઓ હાજર રહ્યા હતા. એ ઉપરાંત ભૂપેન્દ્ર પટેલનો પરિવાર પણ ઉપસ્થિત રહ્યો હતો.

## રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો ૬૫ ટકા વરસાદ થયો

ગાંધીનગર,

ભારે વરસાદની સંભાવનાને પગલે **NDRF** અને **SDRF**ની ટીમોને પણ એલર્ટ રહેવા સૂચના આપી દેવામાં આવી છે. ત્રણ દિવસની હવામાનની આગાહી જોતાં સમગ્ર રાજ્યમાં ભારે વરસાદની સંભાવના છે, જેમાં સૌરાષ્ટ્રના જૂનાગઢ, ગીર-સોમનાથ અને અમરેલી જિલ્લામાં, મધ્ય ગુજરાતના વડોદરા, ખેડા અને દક્ષિણ ગુજરાતના ભરૂચ અને વલસાડ જિલ્લાઓમાં આગામી બે દિવસમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના રહેલી છે, જેથી અગમચેતીનાં પગલાંરૂપે રાહત બચાવકાર્ય અંગે જરૂર પડે **NDRF** અને **SDRF**ની ટીમો આ જિલ્લાઓમાં એલર્ટ રહે એ અંગે સૂચના આપવામાં આવી છે.રાજકોટ શહેરમાં ગત રાત્રીના ૧૧ વાગ્યાથી ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે. જેને પગલે હાલ રાજકોટના આજી ૨ ડેમના ચાર દરવાજા ૧.૫ ફુટ ખોલવામાં આવ્યા છે. ડેમના નિચાણના વિસ્તારમાં આવેલા અડબાલકા, બાઘી, દહીંસરડા,



ડુંગરકા, ગઢઠા, હરીપર, ખંઢેરી, નારણકા, ઉકરડા અને સખપર ગામોના નાગરિકોને પણ નદીના પટમાં અવરજવર નહીં કરવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. હાલમાં જળાશયની ભરપુર સપાટી ૭.૭૬ મીટર છે અને ડેમમાં ૪૪૯૨ ક્યુસેક પાણીની આવક થઈ છે.ધોરાજીમાં ૭ ઈંચ અને ગોંડલમાં ૫ ઈંચ વરસાદ વરસ્યો છે. તેમાંય ગોંડલમાં અન્ડરબ્રિજ સ્વિમિંગ પુલ બન્યા છે તો ઉમવાળા બ્રિજ અને આશાપુરા બ્રિજ કેડ સમાં પાણી ભરાયા હતા. સમગ્ર જિલ્લામાં શ્રીકાર વરસાદ થતાં જિલ્લા શિક્ષણ અધિકારી બી.એસ.કૈલા દ્વારા જિલ્લાની તમામ શાળા બંધ રાખવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધનીય છે કે, આજે હવામાન વિભાગ દ્વારા સારો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. સારા વરસાદના કારણે ગરમી અને ઉકળાટથી પણ લોકોને રાહત મળી રહી છે.હવામાન વિભાગની મુજબ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી કરી છે, ત્યારે રાજકોટ શહેર અને જિલ્લામાં ગઈકાલ રાતથી સતત વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૧૨ તાલુકાઓમાં વરસાદ થઈ રહ્યો છે. વરસાદને કારણે રાજ્યમાં પાંચ સ્ટેટ હાઈવે સહિત ૫૭ રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યાં છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ જામનગર, વલસાડ, રાજકોટ અને દ્વારકામાં થયો છે. તે ઉપરાંત છેલ્લા બે કલાક એટલે કે આજે સવારે ૧૦ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં ૭૧ તાલુકાઓમાં અનરાધાર વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ જૂનાગઢના વિસાવદરમાં ૧૮૦ મિમી અને રાજકોટના લોધિકામાં ૧૩૬ મિમી વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં છેલ્લા બે દિવસથી મેઘમહેર થઈ રહી છે. ત્યારે અત્યાર સુધી સિઝનનો ૬૪.૪૪ ટકા વરસાદ થયો છે. ઝોન પ્રમાણેની સ્થિતિ જોઈએ તો, કચ્છમાં ૬૬.૧૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૪.૪૫ ટકા, મધ્યગુજરાતમાં ૫૫.૯૨ ટકા અને સૌરાષ્ટ્રમાં ૬૮.૭૪ ટકા વરસાદ થયો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૬૪.૪૪ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં વરસાદ થવાથી નવા નીરની આવક થઈ છે. જેનાથી ખેડૂતોમાં ખુશી જોવા મળી છે. ખેડૂતોનો ઉભો પાક વરસાદને કારણે બચી ગયો છે.

## સાઉદી અરબમાંથી પેટ્રિયટ મિસાઈલો અમેરિકાએ હટાવી

વોશિંગ્ટન,

અમેરિકાની રણનીતિમાં ફેરફારનું એક મહત્વનું કારણ કોરોના મહામારી પણ છે. કોરોના મહામારીની અસર અમેરિકન અર્થતંત્ર પર ગંભીર અસર પડી છે. તેથી અમેરિકાએ ઓછામાં ઓછા દેશો પર સૈનિકોની નિયુક્તિ કરીને અમેરિકન સૈન્ય ખર્ચ ઘટાડવાનો નિર્ણય કર્યો છે. આ કારણથી પણ અમેરિકાને વિવિધ દેશોમાં નિયુક્ત તેના સૈનિકો અને તેના સંરક્ષણ સાધનો હટાવી રહ્યું છે. તે હવે દુશ્મન નંબર-૧ અને ૨ની દષ્ટિએ તેની રણનીતિ બનાવવા ફરજ પડી છે. અમેરિકાએ ૨૦૧૯ના અંતમાં સાઉદી અરબમાં તેની અત્યાધુનિક એડવાન્સ એર ડિફેન્સ સિસ્ટમ અને હજારો સૈનિકો તૈનાત કર્યા હતા. તે સમયે હુતી બળવાખોરોના સાઉદીની ક્રૂડ ઓઈલ કંપની પર હુમલાના કારણે ક્રૂડનું ઉત્પાદન ઘટી ગયું હતું અને આખી દુનિયામાં ક્રૂડ ઓઈલના ભાવમાં અસાધારણ વધારો થયો હતો.અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સૈનિકોને પાછા બોલાવી લીધાના એક જ મહિનામાં અમેરિકાએ સાઉદી અરબમાં તૈનાત પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમ અને ટર્મિનેટ હાઈ એલ્ટિટયુડ એરિયલ ડિફેન્સ સિસ્ટમ હટાવી દીધી છે. સાઉદી અરબ પર યમનના હુથી બળવાખોરોના હુમલા છતાં ડિફેન્સ સિસ્ટમ હટાવવાના અમેરિકાના નિર્ણયથી વૈશ્વિક જગત આશ્ચર્યચકિત છે અને બધાના મનમાં એક જ સવાલ છે કે બાઈડેન તંત્રે આ પગલું કેમ ઉઠાવ્યું? જોકે, સૂત્રોનું કહેવું છે કે અમેરિકાએ હવે તેના સૌથી મોટા દુશ્મન ચીનને ધ્યાનમાં રાખીને રણનીતિ ઘડતાં પ્રશાંત મહાસાગરમાં ચીનનો વધતો પ્રભાવ રોકવા ઓસ્ટ્રેલિયામાં પેટ્રિયટ મિસાઈલો ગોઠવ્યા છે. અફઘાનિસ્તાનમાંથી અમેરિકાના નેતૃત્વમાં નાટો દળોને પાછા ખેંચી લેવાના નિર્ણય પછી અમેરિકાએ સાઉદી અરબમાંથી તેની શક્તિશાળી પેટ્રિયટ મિસાઈલો હટાવવાનો આશ્ચર્યજનક નિર્ણય કર્યો છે. વધુમાં અમેરિકાએ આ ડિફેન્સ સિસ્ટમ એવા સમયે હટાવી લીધી છે જ્યારે સાઉદી અરબ યમનના હુથી બળવાખોરોના હુમલાનો સામનો કરી રહ્યું છે. એક અહેવાલો મુજબ હુથી બળવાખોરોના ઓઠા હેઠળ હકીકતમાં ઈરાન સાઉદી અરબ પર ડ્રોન હુમલા કરી રહ્યું છે. ઈરાને આ અહેવાલોને ફગાવી દીધા છે. ઈરાનનો સામનો કરવા માટે અમેરિકાના હજારો સૈનિકો તૈનાત હોવા છતાં અખાતના રાષ્ટ્રો અમેરિકાની ભાવી યોજના અંગે ચિંતિત છે. જોકે, સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે અમેરિકાએ હવે તેની રણનીતિ બદલી છે. અમેરિકન પ્રમુખ જો બાઈડેન હવે સૈન્યને સંપૂર્ણપણે ચીન પર કેન્દ્રીત કરવા માગે છે, જે રાષ્ટ્રીય સલામતીના મુદ્દે તેના મુખ્ય પ્રતિસ્પર્ધી તરીકે ઊભર્યું છે. અમેરિકન સંરક્ષણ મંત્રાલયને લાગે છે કે ખાડી દેશોમાં હવે યુદ્ધનું જોખમ ઘટયું છે અને એશિયામાં વધ્યું છે. આ રણનીતિ હેઠળ અમેરિકાએ અખાતના દેશો સાઉદી અરબ, ઈરાક, કુવૈત, જોર્ડન સાથે આઠ પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમ હટાવવાનો નિર્ણય લીધો છે. સૂત્રોનું કહેવું છે કે પ્રશાંત મહાસાગરમાં ચીનની વધતી આક્રમક્તા રોકવા માટે અમેરિકાએ તેની આજુબાજુ મિસાઈલોની તૈનાતી કરવાનું શરૂ કરી દીધું છે. દુનિયાનું સૌથી મોટું નૌકાદળ બની ચૂકેલું ચીન હવે પ્રશાંત મહાસાગર અને આજુબાજુના વિસ્તારોમાં ઝડપથી નૌકાદળની પ્રવૃત્તિ વધારી રહ્યું છે. તેના સામના માટે અમેરિકાએ એર ડિફેન્સ અને એટેક મિસાઈલોની એક આખી સિરિઝને ચીનની ચારેબાજુ તૈનાત કરી છે. અમેરિકન નૌકાદળે ઓસ્ટ્રેલિયામાં પેટ્રિયટ મિસાઈલ ડિફેન્સ લોન્ચરની પણ તૈનાતી કરી છે.

## સ્વિસ બેંક ખાતાની વિગતોનો ત્રીજો સેટ આ મહિને ભારતને આપશે

નવી દિલ્હી,

ભારતને સ્વિસ બેંકો તરફથી ભારતીયોની ખાતાની માહિતી સૌથી પહેલા સપ્ટેમ્બર, ૨૦૧૯મા મળી હતી જ્યારે માહિતીના બીજા સેટને સપ્ટેમ્બર ૨૦૨૦માં ભારતને સોપવામાં આવ્યો હતો. તેથી હાલ સપ્ટેમ્બર મહિનો હોવાથી ત્રીજો સેટ પણ ભારત આવવાની તૈયારીમાં છે. જોકે આ વખતની માહિતીમાં મોટી સંખ્યામાં ભારતીયોની વિગતો મળી શકે છે. કેમ કે પ્રથમ વખત રીઅલ એસ્ટેટની માહિતી પણ સોપાશે, તેથી મોટી કંપનીઓ અને બિલ્ડર લોબીના બેંકોમાં જમા નાણા સહિતની વિગતો મોટી સંખ્યામાં મળે તેવી શક્યતાઓ છે. ભારત અને સ્વિત્ઝર્લેન્ડ વચ્ચે થયેલા કરારો અંતર્ગત સ્વિસ બેંકો દ્વારા ભારતીયોના ખાતા, નાણા અને સંપત્તિ અંગેની માહિતીનો ત્રીજો સેટ આ મહિને ભારતને સોપવામાં આવશે. જોકે પ્રથમ વખત સ્વિત્ઝર્લેન્ડમાં ભારતીયો પાસે કેટલી સંપત્તિ રીઅલ એસ્ટેટમાં છે તેની માહિતી પણ ભારતને સોપવામાં આવશે. કાળા નાણા સામેની કાર્યવાહીના ભાગરુપે ભારતને આ માહિતી સ્વિસ બેંકો તરફથી અગાઉ બે વખત મળી ચુકી છે. પ્રથમ વખત




સ્વિત્ઝર્લેન્ડમાં ભારતીયોની માલિકીના ફ્લેટ્સ, એપાર્ટમેન્ટ્સ સહિતની માહિતી આપવામાં આવશે. આ સંપૂર્ણ માહિતી આ મહિનાના અંત સુધીમાં ભારતને સોપવામાં આવશે. આ માહિતી મળ્યા બાદ તેની ચકાસણી કરવામાં આવશે અને તેમાં બ્લેક મની કેટલી છે તેનું અલગથી તારણ કાઢવામાં આવશે. ભારતીઓની રીઅલ એસ્ટેટની સંપત્તિ સાથે સંકળાયેલી માહિતી આપવામાં આવશે તેમાં આ સંપત્તિ દ્વારા કેટલી કમાણી કરવામાં આવી તેની વિગતો પણ સામેલ કરવામાં આવશે. સરકાર એ તપાસ કરશે કે આવી સંપત્તિ અને તેનાથી થયેલી કમાણી વગેરેને ભારતમાં ટેક્સ ભરવામાં આવ્યો તેની સાથે કોઈ નાતો છે કે કેમ. એવા અહેવાલો છે કે આ મહિનાના અંત સુધીમાં આ સંપૂર્ણ માહિતી ભારતને સ્વિત્ઝર્લેન્ડ દ્વારા સોપવામાં આવશે. નોંધનીય છે કે આ વર્ષે જુલાઇ મહિનામાં સરકારે લોકસભામાં જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં વિદેશમાં કેટલુ કાળુ નાણુ ગયું તેની કોઈ સત્તાવાર માહિતી નથી. જોકે સરકાર આવા કોઈ પણ પ્રકારના નાણાને પકડી પાડવાના પ્રયાસો કરી રહી છે. એટલે કે વિદેશમાં ૧૦ વર્ષમાં કેટલુ કાળુ નાણુ મોકલવામાં આવ્યું તેનો કોઈ જ ચોક્કસ સત્તાવાર આંકડો સરકાર પાસે નથી. જોકે આ વખતે પહેલી વખત સ્વિત્ઝર્લેન્ડ સરકાર ભારતીયોની સંપત્તિની જાણકારી આપવા જઈ રહી છે. એવામાં સ્વિત્ઝર્લેન્ડમાં ભારતીયોના રોકાણના બિઝનેસ સાથે સંકળાયેલા બિઝનેસમેન અને અધિકારીઓએ કહ્યું છે કે સ્વિત્ઝર્લેન્ડ સરકારે વિદેશીઓની સંપત્તિની જાણકારી જાહેર કરવાનો નિર્ણય લીધો છે તેને આવકારીઓ છીએ.

## સરકાર કોરોના મૃત્યુના આંકડા છુપાવે છે : કોંગ્રેસ

સુરત,

કોંગ્રેસની બે અઠવાડીયાની ન્યાય યાત્રા બાદ આજે સુરતમાં એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તંત્રની લાપરવાહીના કારણે ગુજરાતમાં ૨,૮૧,૦૦૦ નાગરિકોએ જીવ ગુમાવ્યાનો સર્વેની વાત મૂકવામાં આવી હતી. કોંગ્રેસે જણાવ્યું હતું કે બે અઠવાડીયાની આ યાત્રામાં વીસ હજાર કરતા વધુ પરિવારોની મુલાકાત લેવામાં આવી છે. કોરોનામાં જે પરિવારોએ સ્વજનને ગુમાવ્યા છે તેઓને ન્યાય આપવા માટેની માંગણી કરવામાં આવી છે. કોંગ્રેસે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે અમદાવાદમાં "નમસ્તે ટ્રમ્પ"ના કાર્યક્રમથી ગુજરાત કોરોનાની મહામારી ફેલાઈ હતી. ત્યાર બાદ સુરતમાં "નમસ્તે ભાઉ"ના કાર્યક્રમને કારણે સંક્રમણમાં વધારો થયો છે. મહામારીમાં સરકાર વારંવાર આંકડા છુપાવતી હોવા સાથે મૃતકોના આંકડા પણ છુપાવ્યા છે. સરકાર જેવી રીતે કામ કરે છે તેનાથી ગુજરાતના નાગરિકોની શારીરીક માનસિક અને સામાજિક સ્થિતિને મોટું નુકસાન થયું છે તેથી હાઈકોર્ટે અવલોકન કરવો પડ્યો છે.અવાજ ગંભીર આક્ષેપ સાથે કોંગ્રેસે કોવિડથી મૃત્યુ પામેલા દરેક ઘટના પરિવારને ૪ લાખનું વળતર આપવાની માગણી કરી છે. આ સાથે સારવાર લઈ ચૂકેલા દર્દીઓના હોસ્પિટલના ખર્ચની ચુકવણી, સરકારની નિષ્ફળતાની ન્યાયિક તપાસ અને કોઈથી મૃત્યુ પામેલા સરકારી કર્મચારીઓના સંતાનને કાયમી નોકરીની માંગણી કરી છે.કોરોનાની મહામારી બાદ કોંગ્રેસની ન્યાય યાત્રામાં બે અઠવાડિયામાં ૨૦૦૦૦થી વધુ પરિવારોની મુલાકાત લીધી હોવાનો દાવો કરાયો છે. જેમાં ગુજરાતના ચાર ઝોનમાં ૨૧૧૧૫ પરિવારોએ આ ન્યાય યાત્રામાં ફોર્મ ભર્યા છે.

## વિશ્વામિત્રીની સપાટી સિઝનમાં પ્રથમ વખત ૧૦ ફૂટે પહોંચી વડોદરામાં મેઘમહેર

વડોદરા,

વડોદરામાં ધોધમાર અથવા ધીમા વરસાદ બાદ શહેરમાં વાદળ ખૂલ્લું થઈ ગયું હતું જો કે શહેરીજનો ઉકળાટ અનુભવતા હોવાથી ફરી રાત્રે વરસાદ વરસશે તેવી શક્યતા જણાઈ હતી. વડોદરા શહેર ઉપરાંત જિલ્લાના તાલુકામાં પણ વરસાદ નોંધાયો હતો. ધીમો પરંતુ સતત વરસાદના કારણે ધરતીપુત્રોમાં પણ ખુશાલી વ્યાપી હતી. આ ઉપરાંત વરસાદના પગલે જળાશયોની સપાટીમાં પણ વધારો થયો હતો. આજવા સરોવરની સપાટી ૨૦૬.૨૫ સવારે નવ વાગે નોંધાઈ હતી. વઢવાણા તળાવ, દેવ ડેમ અને નર્મદા ડેમમાં પણ પાણીની આવક થતાં સપાટીમાં વધારો થયો હતો. વડોદરા શહેરમાંથી નીકળતી વિશ્વામિત્રી નદીની સપાટી પણ વર્તમાન સિઝનમાં પ્રથમ વખત ૧૦ ફૂટે પહોંચી હતી પરંતુ બાદમાં વરસાદ અટકી જતા નદીની સપાટીમાં બાદમાં ઘટાડો નોંધાયો હતો.વડોદરા શહેર અને જિલ્લામાં હવામાનખાતાની આગાહી મુજબ આજે પણ વરસાદ વરસ્યો હતો. સવારે પડેલા વરસાદના કારણે જનજીવન ખોરવાયું હતું પરંતુ આજે રવિવાર હોવાથી લોકોને ઓછી અસર પડી હતી. ઉલ્લેખનીય છે કે ગઈ મોડીરાત્રે શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો ત્યારબાદ આખી રાત્રિ દરમિયાન ધીમી ધારે વરસાદ ચાલુ રહ્યો હતો. વરસાદનો સિલસિલો આજે સવારે પણ ચાલુ હતો અને વડોદરામાં સવારે ૬થી ૧૦ વાગ્યા સુધી એક ઈંચ જેટલો વરસાદ પડયો હતો. આ સાથે વડોદરાનો સિઝનનો કુલ વરસાદ ૭૬૦ મિમી નોંધાયો છે.

## ભારે વરસાદના કારણે ૧૫ સ્ટેટ હાઈવે સહિત કુલ ૧૩૬ રસ્તા બંધ

ગાંધીનગર,

ભારે વરસાદની સંભાવનાને પગલે **NDRF** અને **SDRF**ની ટીમોને પણ એલર્ટ રહેવા સૂચના આપી દેવામાં આવી છે. **IMD**ના અધિકારીએ જણાવ્યું હતું કે ત્રણ દિવસની હવામાનની આગાહી જોતાં સમગ્ર રાજ્યમાં ભારે વરસાદની સંભાવના છે, જેમાં સૌરાષ્ટ્રના જૂનાગઢ, ગીર-સોમનાથ અને અમરેલી જિલ્લામાં, મધ્ય ગુજરાતના વડોદરા, ખેડા અને દક્ષિણ ગુજરાતના ભરૂચ અને વલસાડ જિલ્લાઓમાં આગામી બે દિવસમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના રહેલી છે, જેથી અગમચેતીનાં પગલાંરૂપે રાહત બચાવકાર્ય અંગે જરૂર પડે **NDRF** અને **SDRF**ની ટીમો આ જિલ્લાઓમાં એલર્ટ રહે એ અંગે સૂચના આપવામાં આવી છે.રાજકોટ શહેરમાં ગત રાત્રીના ૧૧ વાગ્યાથી ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે. જેને પગલે હાલ રાજકોટના આજી ૨ ડેમના ચાર દરવાજા ૧.૫ ફુટ ખોલવામાં આવ્યા છે. ડેમના નિચાણના વિસ્તારમાં આવેલા અડબાલકા, બાઘી, દહીંસરડા, ડુંગરકા, ગઢઠા, હરીપર, ખંઢેરી, નારણકા, ઉકરડા અને સખપર ગામોના નાગરિકોને પણ નદીના પટમાં અવરજવર નહીં કરવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. હાલમાં જળાશયની ભરપુર સપાટી ૭.૭૬ મીટર છે અને ડેમમાં ૪૪૯૨ ક્યુસેક પાણીની આવક થઈ છે.હવામાન વિભાગે આગામી ચાર દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી કરી છે, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્ર અને કચ્છમાં અતિભારે વરસાદ થવાની શક્યતાઓ છે.રાજકોટ શહેર અને જિલ્લામાં ગઈકાલ રાતથી સતત વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૧૨ તાલુકાઓમાં વરસાદ થઈ રહ્યો છે. વરસાદને કારણે રાજ્યમાં ૧૫ સ્ટેટ હાઈવે સહિત ૧૩૬ રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યાં છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ જામનગર, વલસાડ, રાજકોટ અને દ્વારકામાં થયો છે. તે ઉપરાંત છેલ્લા બે કલાક એટલે કે આજે સવારે ૧૦ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં ૭૧ તાલુકાઓમાં અનરાધાર વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ જૂનાગઢના વિસાવદરમાં ૧૮૦ મિમી અને રાજકોટના લોધિકામાં ૧૩૬ મિમી વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં છેલ્લા બે દિવસથી મેઘમહેર થઈ રહી છે. ત્યારે અત્યાર સુધી સિઝનનો ૬૪.૪૪ ટકા વરસાદ થયો છે. ઝોન પ્રમાણેની સ્થિતિ જોઈએ તો, કચ્છમાં ૬૬.૧૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૪.૪૫ ટકા, મધ્યગુજરાતમાં ૫૫.૯૨ ટકા અને સૌરાષ્ટ્રમાં ૬૮.૭૪ ટકા વરસાદ થયો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૬૪.૪૪ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં વરસાદ થવાથી નવા નીરની આવક થઈ છે. જેનાથી ખેડૂતોમાં ખુશી જોવા મળી છે. ખેડૂતોનો ઉભો પાક વરસાદને કારણે બચી ગયો છે. ધોરાજીમાં ૭ ઈંચ અને ગોંડલમાં ૫ ઈંચ વરસાદ વરસ્યો છે. તેમાંય ગોંડલમાં અન્ડરબ્રિજ સ્વિમિંગ પુલ બન્યા છે તો ઉમવાળા બ્રિજ અને આશાપુરા બ્રિજ કેડ સમાં પાણી ભરાયા હતા. સમગ્ર જિલ્લામાં શ્રીકાર વરસાદ થતાં જિલ્લા શિક્ષણ અધિકારી બી.એસ.કૈલા દ્વારા જિલ્લાની તમામ શાળા બંધ રાખવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધનીય છે કે, આજે હવામાન વિભાગ દ્વારા સારો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. સારા વરસાદના કારણે ગરમી અને ઉકળાટથી પણ લોકોને રાહત મળી રહી છે.

### જાહેર નોટીસ

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, શહેરા, પ્રાંત શહેરાની કોર્ટમાં મુ. શહેરા, તા.શહેરા**

**અરજદાર : ઠાકોર કેશરસિંહ વેચાતભાઈ**
**રહે :- વંદેલી, તા.મોરવા(હ), જી.પંચમહાલ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, વંદેલી, તા.મોરવા(હ), જી.પંચમહાલ.**

આથી જાહેર જનતા આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીના માતા નામે (૧) ઠાકોર ગંગાબેન વેચાતભાઈ નું તા.૦૪/૧૦/૧૯૮૮ તથા તેમની દાદી નામે (૨) ઠાકોર મોકુબા જુવાનસિંહનું તા.૦૧/૦૭/૧૯૫૦ ના રોજ મોજે–વંદેલી, તા.મોરવા(હ), જી.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જેતે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે માતા તથા દાદીના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૩૨૪/૨૦૨૧ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદ્દત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા.૦૬ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પ્રાંત શહેરા

## મહારાષ્ટ્રના ફી ન ભરતા વિદ્યાર્થીને ઓનલાઈન શિક્ષણ બંધ કર્યા છતાં ૮૫ ટકા મેળવ્યા બાદ હાઈકોર્ટમાં અરજી

મુંબઈ,

શિક્ષણનો અધિકાર દરેક બાળકનો મૂળભૂત અધિકાર છે અને ખાસ કરીને પીડિતા બાળકી હોવાથી તેને શિક્ષાનો અધિકાર છીનવાઈ રહ્યો હોવાનું અરજીમાં જણાવાયું છે.અરજદારે દલીલ કરી હતી કે સ્કૂલ મેનેજમેન્ટનું પગલું જોહુકમી, અયોગ્ય અને મૂળભૂત અધિકારનો ભંગ કરનારું હતું.મહારાષ્ટ્રના દસમા ધોરણના વિદ્યાર્થિનીએ સ્વયં અભ્યાસ દ્વારા ૮૫ ટકા ગુણે મેળવ્યા બાદ હાઈકોર્ટમાં અરજી કરી છે અને આરોપ કર્યો છે કે ફી નહીં ચૂકવી હોવાથી તેની સીબીએસઈ સ્કૂલે તેની માર્કશીટ અને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ આપવાનો ઈનકાર કર્યો હતો. ગયા વર્ષે ઓગસ્ટમાં સ્કૂલે વિદ્યાર્થીને અનોલાઈન કલાસમાં બેસવાથી અટકાવી હતી. રોગચાળાને કારણે રોજગાર ગુમાવનારા પિતા ફી નહીં ભરી શકતા સ્કૂલે આ નિર્ણય લીધો હતો. દસ્તાવેજો છૂટા કરવાનો નિર્દેશ આપવાની દાદ સાથે અરજદારની વકિલે રજૂઆત કરી હતી કે બાળકીને જો આ દસ્તાવેજો અપાશે નહીં તો મેરિટ પર મળેલો ૧૧મા ધોરણનો પ્રસ્તાવિત પ્રવેશ ગુમાવી દેશે.ન્યા. સુખરે અને ન્યા. કિલોરે પ્રતિવાદીને નોટિસ મોકલાવી છે જેમાં સીબીએસઈ બોર્ડ અને સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, નાગપુરનો સમાવેશ થાય છે. સમય અપાય તો પિતા બાકીની ફીની રકમ ભરવાનો પ્રયાસ કરશે એવી ખાતરી આપ્યાબાદ કોર્ટે આ નોટિસ જારી કરી છે.

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# સંતરામપુર બેંક ઓફ બરોડામાં સ્ટાફના અભાવે ગ્રાહકોને પડતી હાલાકી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં આવેલી બેંક ઓફ બરોડામાં છેલ્લા ઘણા સમયથી સ્ટાફ ઓછો હોવાના કારણે બેંકના ધરાવતા અરજદારોને હાલાકી ભોગવવાનો વારો આવતો હોય છે. આરટીજીએસ પેમેન્ટ ચેક કિલયરિંગ અન્ય કામગીરી માટે અરજદાર કલાકો સુધી બેન્ક ની અંદર ઉભા રહેવું પડતું હોય છે. ના જેવી કામગીરી માટે સમય બગાડતો હોય છે, આવતા અરજદારોની હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. એક જ બેંક ઓફ હોવાના કારણે કામગીરી ઠપ હતી. બેંકમાં રિસર્ચ દરમિયાન ની અંદર અરજદારોની અડધી કલાકની જગ્યાએ કલાકો સુધી રાહ જોવી પડતી હોય છે. સ્ટાફના અભાવે તમામ કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. અરજદાર બેન્ક ની અંદર કલાકો સુધી લાઈનમાં ઉભા રહેતા હોય છે. બેંક અને ખાતેદારોની કામગીરી ન થતાં ઘર્ષણ ઉભું થતું હોય છે બેંક ઓફિસર રજૂઆત કરતા તમે બેસી રહો તમારૂં કામ થશે ઉત્તર-પૂર્વ જવાબ આપતા હોય છે. છેલ્લા ઘણા સમયથી બેંક ખાતેદારો બેંક ઓફ બરોડામાં મેનેજમેન્ટ અને બેંકમાં કામગીરી ના થતા તમામ કામગીરી અટકેલી જોડાયેલી છે. ખાતેદારનો ભારે રોષ જોવા મળ્યો છે. ઘણાં સમયથી બેન્કની અંદર ખાતેદારો મુશ્કેલી વેઠવી પડતી હોય છે. બેંક ઓફ બરોડાના બેંક મેનેજરને રજૂઆત પણ કરવામાં આવી હતી. વહેલી તકે સમયસર સ્ટાફ મુકાઈ ખાતેદારોની માંગણી કરી છે.

# ગોધરા મજુર અદાલતમાં કરાયેલ નેશનલ લોક અદાલતમાં ૧૧૭ કેસોનું સમાધાન કરાયું

ગોધરા,
પંચમહાલ જિલ્લાની ગોધરા ખાતે આવેલ મજૂર અદાલતમાં નેશનલ લોક અદાલતનું આયોજન થતાં ૧૧૭ જેટલા કેસોનું સમાધાન થતા કુલ રૂપિયા ૩૫૦૦૦૦/- કામદારોને ચૂકવણું તથા ક્રિમિનલ કેસમાં દંડની રકમ વસૂલ કરવામાં આવતા લોક અદાલતને સફળતા.

પંચમહાલ જિલ્લા લેબર લોઝ પ્રેક્ટિશનર એસોસિએશનના પ્રમુખ એ.એસ. ભોઈ અખબારી યાદીમાં જણાવે છે કે, પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલ મજુર અદાલત ખાતે તા.૧૧-૯-૨૧ના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ જેમાં બેચ અને બારના સંયુક્ત પ્રયાસોથી કુલ ૧૧૭ જેટલા કેસો મુકવામાં આવેલ. જેમાં મજુર કાયદાની જોગવાઈઓ, કામદાર વળતર ધારા અધિનિયમ, મજુર કાયદાના ભંગ બદલ ક્રિમિનલ કેસો તેમજ નોકરીમાં પુનઃસ્થાપિત થવાના કેસો મુકવામાં આવતા ચાર કામદારોને નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં આવેલ છે. કામદાર વળતર ધારા હેઠળ અકસ્માત કેસમાં સમાધાન થતા કાયદાકીય રીતે એને મળવા પાત્ર નાણા ચુકવવામાં આવેલ છે. તેમજ મજૂર કાયદાના ભંગ બદલ સંસ્થાઓ સામે કરવામાં આવેલ ક્રિમિનલ કેસો માં દંડની રકમ વસુલ કરવામાં આવેલ છે. આમ આ લોક અદાલતમાં કુલ રૂ. ૩,૫૦,૦૦૦/- જેટલી રકમ ચુકવવામાં આવેલ છે. આ નેશનલ લોક અદાલતનું આયોજન કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદ તથા ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદ ના માર્ગદર્શન હેઠળ ગોધરા લેબર કોર્ટના માનનીય ન્યાયાધીશ ડી.જે. વ્યાસ તથા પંચમહાલ જિલ્લા લેબર લોઝ પ્રેક્ટિશનર એસોસિએશનના ઉપક્રમે આ નેશનલ લોક અદાલતને સફળતા મળી છે. જેમાં કામદાર સંગઠનના પ્રતિનિધિઓ, વકીલ મિત્રો, માલીક પ્રતિનિધિઓ પણ હાજર રહી આ લોક અદાલતને સફળ બનાવવામાં સહયોગ આપેલ છે.

## ગોધરા ખાડી ફળીયામાં વરલી મટકાનો જુગાર રમાડતા બે ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,
ગોધરા શહેર સિંદુરી માતાના મંદિર પાસે ખાડી ફળીયામાં વરલી મટકાનો જુગાર રમી અને રમાડતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી બે ઈસમોને ૧૩૩૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા ખાડી ફળીયામાં વરલી મટકાનો જુગાર રમી અને રમાડતા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન મહેફુઝ અબ્દુલ રહીમ મલા, રાજુ પ્રભુદાસ પિસ્તીને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે અંગઝડતીમાં ૧૩૩૦/-રૂપીયા કબ્જે લીધા હતા. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાઈ.


# “સેવા પરમો ધર્મ” એ જ ઉદ્દેશ સાથે કામ કરતું લુણાવાડા નગરનું બિંગ હ્યુમનગૃપનું યુવાધન


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
લુણાવાડા તાલુકાના યુવાધન દ્વારા એક નવી પહેલ શરૂકરી આગળ વધી રહ્યા છે. જેમાં નગરનાં કેટલાય યુવાનો તેમાં જોડાઈ સમાજ સેવા કરી એક ઉત્તમ દ્રષ્ટાંત પૂરૂં પાડી રહ્યાં છે. નગરમાં રહેતાં પરિવાર દ્વારા ઘરના કોઈપણ સદસ્યનો જન્મ દિવસ હોય તે દિવસે હોટલમાં પાર્ટી કરી ખોટા ખર્ચા કરવાં કરતાં એક ગરીબ પરિવારને કોઈપણ રીતે મદદ કરવાના આશય સાથે નગરમાં એક મોહિમ ઉઠાવી છે. જેમાં બીઈંગ હ્યુમન ગ્રૂપના યુવાનો દ્વારા છેલ્લા ૭ વર્ષેથી કેટલાય પરિવારને ખોટા ખર્ચા કરવાં કરતાં પોતાનો જન્મ દિવસ કે ઘરના કોઈપણ વ્યક્તિની પુણ્યતિથી હોય કે પછી ઘરની કોઈ ખુશી હોય તે તમામ નિમિતે ગામડાં રહેતા અંતિ ગરીબ પરિવારો સાથે તે ઉજવવામાં આવે છે. જેનાથી ગરીબ બાળકોમાં પણ એક ખુશીની લહેર જોવા મળે છે. ત્યારે આ પહેલથકી નગરમાં કેટલાય પરિવાર પોતાના વહાલ સોયા પુત્રનો જન્મ ગરીબ પરિવારની વચ્ચે જઈ ને ઉજવવાનું પસંદ કરે છે અને ગરીબ પરિવારની જરૂરિયાતને પણ પૂરી કરી ધન્યતા અનુભવે છે.

આ પહેલ થકી ઓરોવિલ બજારનાં માલીક ચિંતન શાહની વહાલસોયી દીકરી ધ્યાનીના જન્મ દિવસ પ્રસંગે બીઈંગ હ્યુમન ગ્રુપનાં સહયોગ થકી લુણાવાડા તાલુકાનાં સાલેરા ગામનાં અંતરીયાળ વિસ્તારમાં ૧૮ પરિવારને ઘરમાં સોલર પેનલ નાખી આપી પરિવારના અંધકારને દુર કરી પ્રકાશિત કર્યુ છે. જે ખૂબ સુંદર કાર્ય કહી શકાય અને આજ રીતે દરેક કુટુંબ પોતાનો જન્મ દિવસ આજ પ્રમાણે ગરીબ બાળકોનાં ઘરની જરૂરિયાત પુરી કરી ઉજવશે તો ખરાં અર્થમાં સારા સમાજનું ઘડતર થશે અને યુવાનોને પણ સાચી દિશા અને સારા સંસ્કાર મળશે જેના થકી “એક ભારત શ્રેષ્ઠ ભારત”નું નિર્માણ થશે.

# નવા મુખ્યમંત્રી બનતા અનેક સિનિયર મંત્રીઓ અને કાર્યકરોની આશાઓ પર પાણી ફરી ગયું



ગાંધીનગર,
કમલમ ખાતે વિવિધ અવગઢ વચ્ચે નક્કી કરેલા નવા મુખ્યમંત્રી બન્યા બાદ સિનિયર મંત્રીઓ તેમજ કાર્યકરોમાં રોષ જોવા મળ્યો હતો તેમને વિશ્વાસ પણ ન હતો કે ભુપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી બનાવાયા .વિધાનસભામાં ભાજપના નેતા એટલે કે નવા મુખ્યમંત્રી બન્યા બાદ ભૂપેન્દ્ર પટેલથી કેટલાંક સાથી ધારાસભ્યોએ પણ અંતર કરી દીધું હતું. તેમાં આનંદીબેન જૂથના જ કેટલાંક ધારાસભ્યોનો સમાવેશ થાય છે. એક સમયે આ નેતાઓ એકબીજાની ગાડીમાં જ ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે આવનજાવન કરતા, સાથે જ બેસીને ટિફીન ખાતા હતા, પરંતુ ક્યાંક કોઈક લક્ષ્મણરેખા ખેંચાઈ ગઈ હોવાનું આ ઘટનાથી સામે આવ્યું હતું. આશ્ચર્યજનકરીતે વિજય રૂપાણીના રાજકોટ અને સૌરાષ્ટ્રના નેતાઓ હરખઘેલા થઈ ભૂપેન્દ્ર પટેલને હાથ મિલાવીને શુભકામનાઓ આપતા હતા.કમલમ્ પર મળેલી ભાજપના વિધાનસભ્યોના દળની બેઠકમાં સૌના જીવ તાળવે ચોંટેલા હતાં કે કોના નામની મુખ્યમંત્રી પદ માટે જાહેરાત થશે. ત્યાં જ અચાનક મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તેમના અનુગામી તરીકે ભૂપેન્દ્ર પટેલની જાહેરાત કરી ત્યાં જ જાણે આખાંય હોલમાં આશ્ચર્ય સાથે સન્નાટો વ્યાપી ગયો. આ નામની જાહેરાત થતાં જ ગુજરાત સરકારના ઘણાં મંત્રીઓના મોં સાવ પડી ગયા હતા. ક્યાંય સુધી આ મંત્રીઓને કળ ન વળી અને તેમણે નાનું સરખું સ્મિત પણ ન વેર્યું. આ તરફ હોલ બહાર સમાચાર આવ્યા કે ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી બન્યા છે ત્યારે બહાર ઊભેલાં સંગઠનના ઘણાં નેતાઓએ સાંભળવામાં ભૂલ થઈ હોય તેમ ફરી ખરાઈ કરી કે ભૂપેન્દ્ર પટેલ કે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા. અમુક નવાસવા સંગઠનમાં નેતા બનેલાં નેતાઓને તો ભૂપેન્દ્ર પટેલ કોણ અને ક્યાંના ધારાસભ્ય છે તે પણ ખ્યાલ ન હતો. તેમણે પત્રકારોને પૂછ્યું કે આ ભૂપેન્દ્ર પટેલ કઈ બેઠક પરથી ચૂંટાયા અને કોના વિશ્વાસુ નેતા છે. જાહેરાત થયા બાદ પણ ભૂપેન્દ્ર પટેલ સાવ સ્થિતપ્રજ્ઞની માફક પોતાની બેઠકમાં બેસી રહ્યા. સિનિયર મંત્રીઓએ તેમને તેમના નામની જાહેરાત થવા બદલ શુભકામના આપવાનું પણ ટાળી દીધું. અમુક મંત્રીઓએ પોતાનો ચહેરો પરાણે હસતો રાખ્યો તો કેટલાંકે સ્મિત પણ ન ફરકવા દીધું. માંડમાંડ કેટલાંક મંત્રીઓ તેમને શુભેચ્છા આપવા માટે સ્ટેજ પર જવું પડ્યું, અને કેટલાંક તો તેમ કરવામાંથી દૂર રહી પોતાના સ્થાન પર બેસી જ રહ્યા. જાણે કશું બન્યું જ ન હોય તેમ આ મંત્રીઓએ હોલમાંથી ચાલતી પકડી. ભૂપેન્દ્ર પટેલના નામની જાહેરાત થઈ ગઈ પણ પોતે સરકારના આ મોટા પદ માટેની રેસના પ્રબળ દાવેદાર હોવાનું માનતા નેતાઓ બે ઘડી રાહ જોઈ રહ્યા કે મુખ્યમંત્રી પદ નહીં તો નાયબ મુખ્યમંત્રી પદ માટેના નામની જાહેરાત થશે. પરંતુ એવી કોઈ જાહેરાત ન કરતાં તેમના સ્વપ્નો ત્યાં જ ચકનાચૂર થઈ ગયા હતા. ઘણાં માથા ખંજવાળીને એકબીજાને પૂછી રહ્યા હતા કે આ નામ માટે કયું પરિબળ જવાબદાર હશે. જ્યારે જુનિયર ધારાસભ્યો ગેલમાં આવીને ભૂપેન્દ્ર પટેલને શુભકામનાઓ આપવા તેમની સીટ પર દોડી આવ્યા હતા.

# સમય જ બતાવશે કે કોનું અસ્તિત્વ છે અને કોનું નહીં : પ્રિયંકા ગાંધી



નવી દિલ્હી,
ભાજપ સતત કોંગ્રેસ પર હુમલો કરી રહ્યું છે તે અંગે પુછવામાં આવેલા સવાલના જવાબમાં પ્રિયંકાએ કહ્યું કે, એ તો સમય જ બતાવશે કે કોનું અસ્તિત્વ છે અને કોનું નહીં. જોકે, પ્રિયંકા ગાંધી અનેક સવાલોનો જવાબ આપવાથી દૂર પણ રહ્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અખિલેશ યાદવને અનુલક્ષીને અબ્બા જાનવાળું નિવેદન આપ્યું હતું તે મુદ્દે પ્રિયંકા ગાંધીએ કશું પણ બોલવાનું ટાળ્યું હતું. આના પહેલા ૨ દિવસ સુધી લખનૌમાં મેરેથોન બેઠકો કર્યા બાદ પ્રિયંકા ગાંધીએ રાયબરેલીની સરહદમાં પ્રવેશવાની સાથે જ ચુરૂવા સ્થિત હનુમાન મંદિરમાં દર્શન-પૂજા કર્યા હતા. હનુમાન મંદિરમાં દર્શન-પૂજન સાથે પ્રિયંકા ગાંધીએ રાયબરેલી પ્રવાસની શરૂઆત કરી હતી. તેમના સ્વાગત માટે કાર્યકરો ઉમટી પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પ્રિયંકા ગાંધીના માતા અને કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધી રાયબરેલીના સાંસદ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા ઉત્તર પ્રદેશમાં પાર્ટીના ચૂંટણી અભિયાનનું રણશિંગુ ફૂંકી ચુક્યા છે. ઉત્તર પ્રદેશની મુલાકાતે આવેલા પ્રિયંકા ગાંધી વાડ્રાએ કાર્યકરોની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત તેમણે નેતાઓ, કાર્યકરો સાથે ફોટો પડાવીને તેમનો ઉત્સાહ વધારવાનો પ્રયત્ન પણ કર્યો હતો. તેઓ જિલ્લાવાર સમીક્ષા બેઠકો પણ યોજવાના છે. રાયબરેલી ખાતે કાર્યકરો સાથેની બેઠક બાદ પ્રિયંકા ગાંધી રવિવારે મોડી સાંજે અમેઠી પહોંચ્યા હતા. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, કોંગ્રેસ પાર્ટી સતત ચૂંટણીની તૈયારીઓ કરી રહી છે. તેઓ ચૂંટણીની તૈયારીઓ પર ફોકસ કરી રહ્યા છે અને પાર્ટીના કાર્યકરો સાથે સતત બેઠકો કરવામાં આવી રહી છે.

# મહિસાગર જીલ્લા BJPના મહામંત્રીના મોટાભાઈ અને ભાભીને કપડવંજ પાસે માર્ગ અકસ્માતમાં મોત



લુણાવાડા,
મહિસાગર જીલ્લાના વિરપુર તાલુકાના હાંડીયા ગામના વતની અને જીલ્લા બીજેપી મહામંત્રીના મોટાભાઈ અને ભાભી કારમાં કપડવંજ પાસે વડાલી પાટીયા પાસેથી પસાર થતા હતા. તે સમયે અકસ્માત સર્જાતા ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું છે. વિરપુર તાલુકાના હાંડીયા ગામના વતની મહિસાગર જીલ્લા ભાજપના મહામંત્રી જયેન્દ્રભાઈ બારોટના મોટાભાઈ બીજેપી કાર્યકર એવા ચેતાભાઈ ઉર્ફે હસમુખભાઈ બારોટ અને તેમના પત્ની સાથે કાર માંથી પસાર થતા હતા. દરમિયાન કારને અકસ્માત નડ્યો હતો. અકસ્માત સર્જાતા કારનો ખુરચો બોલી ગયો હતો. અકસ્માતમાં પતિ-પત્નિનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. વિરપુર પંથક અને જીલ્લામાં અકસ્માતના સમાચાર મળતાં ભાજપના કાર્યકરો અને તેમના મિત્ર વર્તુળમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે.

## ૨૦૧૭ની ચૂંટણીમાં હાઈએસ્ટ લીડ હોવાના કારણે ભુપેન્દ્ર પટેલને નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હોત તેવું તજજ્ઞોનો અનુમાન

અમદાવાદ,
ભૂપેન્દ્ર પટેલની મુખ્યમંત્રી તરીકેની શપથવિધિ આજે બપોરે ૨.૨૦ વાગ્યે રાજભવન ખાતે યોજાઈ. જેમાં હાજરી આપવા માટે દિલ્હીથી ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત આવ્યા હતા. નોંધનીય છે કે, નવનિયુક્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના નિવાસસ્થાને જઈ તેમના પરિવારજનોના આશીર્વાદ લીધા હતા. દરમિયાન નારણપુરાના ધારાસભ્ય કાર્યાલયે દિવાળી જેવો માહોલ હતો. વિજય રૂપાણીના મુખ્યમંત્રી પદેથી અચાનક રાજીનામાં બાદ રવિવારે, ૧૨ સપ્ટેમ્બરના રોજ ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલનું નામ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદના ઘાટલોડિયાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલ કડવા પાટીદાર સમાજના અગ્રણી નેતા છે. ઘાટલોડિયામાં તેમને 'દાદા' ના હુમલામણા નામથી પણ ઓળખવામાં આવે છે. તેઓ ગુજરાતનાં સીએમની રેસમાં ક્યાંય ન હતા છતાં તેમનું નામ સામે આવતા બધાને આશ્ચર્ય થયુ છે. આ નિર્ણય પાછળ અનેક કારણો હોય શકે છે. જેમાંથી એક મુખ્ય કારણોમાંનું એક વર્ષ ૨૦૧૭ની ગુજરાત વિધાનસભામાં હાઈએસ્ટ લીડથી જીત્યા હોવાનું રાજકીય નિષ્ણાતો જોઈ રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં ભુપેન્દ્ર પટેલ ૧.૧૭ લાખની હાઈએસ્ટ લીડથી જીત્યા હતા. આ લીડે તેમને ગુજરાતના લીડર બનવા સુધી ખેંચી લઈ ગઈ હોવાનું માનવામાં આવી રહ્યુ છે. ભુપેન્દ્ર પટેલને સીએમ પદે નિમવા પાછળ તેમની આ જીત પણ એક મહત્વનું કારણ છે. આનંદીબેન પટેલના મતવિસ્તાર ઘાટલોડિયામાંથી પહેલી જ વારની ચૂંટણીમાં આટલી બધી લીડ સાથે જીતીને ભુપેન્દ્ર પટેલે રેકોર્ડ કર્યો હતો. ભુપેન્દ્ર પટેલને અણસાર પણ ન હતો કે, રવિવારની બપોર તેમના રાજકીય કારકિર્દીમાં અણધાર્યો વણાંક આવશે. અમદાવાદમાં રવિવારે સવારે બોપલમાં ભૂપેન્દ્ર પટેલ સંગઠનના કાર્યકરોને સંબોધિત કર્યા હતા અને આગામી દિવસોમાં આયોજીત કાર્યક્રમની માહિતીથી વાકેફ કર્યા હતાં. આ ઉપરાંત જાતે પાવડાથી ખાડો ખોદી વૃક્ષ રોપ્યુ હતું.

# સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ : જૂનાગઢ શહેરના ત્રણ ડેમો ઓવરફ્લો





ગિર સોમનાથ,
ભારે વરસાદને પગલે જિલ્લાના આણંદપુર ગામ નજીક નદીમાં ગાડી ખાબકી હોવાની પણ ઘટના સામે આવી છે. જોકે સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી. ગાડીમાં સવાર એક જ વ્યક્તિને હાથના ભાગે સામાન્ય ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. ગાડી પાણીના પ્રવાહમાં ફસાઈ જતાં એને ક્રેઈન વડે બહાર કાઢવામાં આવી હતી.જૂનાગઢથી જામનગર અને રાજકોટ જવાના મુખ્ય માર્ગ પર વરસાદી પાણી ભરાયા હોવાને પગલે સુરક્ષાને ધ્યાને લઈ એસટી સેવા થોડા સમય માટે બંધ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ભારે વરસાદને પગલે ગિરનાર તળેટીમાં આવેલા દામોદર કુંડમાં ધસમસતું વરસાદી પાણી વહેતું જોવા મળતું હતું. ગિરનાર પર પડી રહેલા ભારે વરસાદ સાથે ભારે પવન ફૂંકાય રહ્યો હોવાથી રોપ-વે સેવા આજે બંધ રાખવાની ફરજ પડી છે. ગિરનારના જંગલમાં ભારે વરસાદ પડતાં જૂનાગઢ શહેર જળબંબાકાર થયું છે. જૂનાગઢ રાજકોટ નેશનલ હાઈવેને જોડતા રસ્તા પર પૂર પાણી ફરી વળ્યાં છે, જ્યારે દોલતપરા વિસ્તારમાં અનેક દુકાનો અને મકાનોમાં પાણી ઘૂસ્યાં છે. પાણીના નિકાલ માટે મનપા દ્વારા કોઈ વ્યવસ્થા ન કરાઈ હોવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી લોકોએ પાણીના નિકાલ માટે ડિવાઈડર તોડવાની શરૂઆત કરી છે, જો ડિવાઈડર તોડવામાં ન આવે તો લોકોનાં ઘરમાં પાણી ઘૂસી એવી શક્યતા છે.જૂનાગઢમાં ઝાંઝરડા ગરનારામાં કમમરડૂબ વરસાદી પાણી ભરાઈ જતાં એને બંધ કરવાની મનપાને ફરજ પડી હતી. તો શહેરની મધ્યે આવેલા પ્રખ્યાત નરસિંહ મહેતા સરોવર ઓવરફ્લો થઈ જતાં આસપાસના વિસ?તારો અને રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતાં, જ્યારે શહેરના મજેવડી દરવાજાથી સાબલપુર ચોકડી સુધીના મુખ?ય રસ?તા પર વરસાદી પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો છે.ગત રાત્રિથી જૂનાગઢ જિલ્લાના નવેય તાલુકામાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે, જેમાં ૨ ઈંચથી લઈને ૧૪ ઈંચ જેટલો ભારે વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ભારે વરસાદને પગલે લોકો અને ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. જ્યારે આજે સવારે જિલ્લાના વિસાવદર પંથકમાં ચાર કલાકમાં ૧૫ ઈંચ વરસાદ વરસી ગયો છે, જેને પગલે પંથકનાં નદી-નાળાઓમાં વરસાદી પાણીના નવા નીર ધસમસતા વહેતા જોવા મળતા હતા. ગિરનાર પર્વત પર અને જૂનાગઢ શહેરમાં પણ ૬થી ૧૦ ઈંચ જેવો ભારે વરસાદ વરસી જતાં મહાનગરની મધ્યમાંથી પસાર થતી સોનરખ અને કાળવા નદીમાં ઘોડાપૂર આવ્યાં છે અને નરસી મહેતા સરોવર ઓવરફ્લો થતાં આસપાસના વિસ?તારો-રસ?તાઓ પર વરસાદી પાણી ફરી વળ્યાં હતાં. ગિરનારમાં પડેલા ભારે વરસાદને પગલે જૂનાગઢ શહેરની જીવાદોરી સમાન વિલિંગ્ડન ડેમ ઓવરફ્લો થઈ ગયો છે. જૂનાગાઢ જિલ્લાના નવેય તાલુકામાં ગતરાત્રિથી અવિરત કયાંક ભારે તો કયાંક અતિભારે વરસાદ વરસી રહ્યો છે. આ ભારે વરસાદથી ખેડૂતોના મૂરઝાઈ રહેલા પાકને જીવતદાન સમાન હોવાથી જગતના તાતમાં હરખની હેલી પ્રસરી ગઈ હતી. જ્યારે રવિવારની રાત્રિથી સોમવારની બપોર સુધી જિલ?લાના નવેય તાલુકામાં અવિરત વરસી રહેલા વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જૂનાગઢ જિલ્લાના નવેય તાલુકામાં રવિવારની રાત્રે ૧૦થી સોમવારે બપોરે ૧૨ વાગ?યા સુધીમાં પડેલા સાર્વત્રિક વરસાદમાં સૌથી વધુ વિસાવદરમાં ૧૪ ઈંચ, જૂનાગઢમાં ૬ ઈંચ, કેશોદમાં ૩ ઈંચ, ભેંસાણમાં ૩ ઈંચ, મેદરડામાં ૨.૫ ઈંચ, માંગરોળમાં ૨.૫ ઈંચ, માણાવદરમાં ૩ ઈંચ, માળિયાહાટીમાં ૨ ઈંચ અને વંથલીમાં ૩.૫ ઈંચ વરસાદ વરસ?યો હોવાનું કંટ્રોલરૂમમાંથી જાણવા મળ્યું છે. જૂનાગઢ જિલ્લામાં સૌથી વધુ વિસાવદર પંથકમાં મેઘમહેર થઈ છે, જેમાં આજે સવારે ચાર કલાકમાં વિસાવદર શહેર અને ગ્રામ્ય પંથકમાં ૧૨ ઈંચ જેવો ભારે વરસાદ વરસી જતાં પંથકનાં નદી-નાળાઓમાં ધસમસતા વરસાદી પાણી વહેતાં થયાં હતાં. વિસાવદરના ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ પર પણ પાણી ભરાઈ ગયાં છે. જ્યારે પંથકનાં ખેતરો પાણીથી તરબોતર થઈ ગયાં હતાં. જિલ?લામાં પડેલા ભારે વરસાદને પગલે જિલ્લાનાં તમામ જળાશયોમાં નવા નીરની આવક થયેલી જોવા મળી હતી. ગત રાત્રથી જૂનાગઢ શહેર અને ગિરનાર પર્વત પર ભારે વરસાદ વરસી રહ્યો છે. એમાં રાત્રિ દરમિયાન ૨ ઈંચ, જ્યારે આજે સવારે ૬થી બપોરે ૧૨ વાગ?યા સુધી ૬ કલાકમાં ૪ ઈંચ જેવો ભારે વરસાદ વરસી ગયો હતો, જ્યારે ગિરનાર પર્વત પર ૧૦ ઈંચથી વધુ વરસાદ વરસ?યો હોવાનું અનુમાન થઈ રહ્યુ છે. ગિરનાર પર્વત પર પડેલા ભારે વરસાદના પાણીથી ડેમમાં આવક થતી હોવાને પગલે જૂનાગઢ શહેરની જીવાદોરી સમાન વિલિંગ્ડન, આણંદપુર અને હસ્નાપુર ત્રણેય ડેમ ઓવરફ્લો થઈ ગયા છે, જેથી શહેરની પીવાના પાણીની જરૂરિયાત મહદંશે પૂરી થઈ ગઈ હોવાનું જાણકારો જણાવી રહ્યા છે. ભારે વરસાદને પગલે જૂનાગઢ શહેરની મધ્યમાંથી પસાર થતી કોળવા અને સોનરખ નદીમાં ઘોડાપૂર આવ્યું છે. કાળવા નદીમાં ઘોડાપૂર આવ્યાના ઊંચાઈ પરથી લેવાયેલા વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. એમાં કાળવા નદીનો આહ્લાદક નજારો જોવા મળ્યો હતો. જૂનાગઢવાસીઓના મતે કાળવા નદીમાં ભાગ્યે જ આટલું પાણી આવતું હોય છે. જ્યારે ગત રાત્રિથી ગિરનાર પર્વત અને શહેર પર પડી રહેલા ભારે વરસાદથી જૂનાગઢના અનેક વિસ્તારો-માર્ગો પર ઠેર ઠેર પાણી ભરાઈ ગયાં હતાં, જેને લીધે વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## રાજકોટ શહેરમાં પાણી જ પાણી... લોકોના ઘરમાં પાણી ભરાયા

રાજકોટ,
રાજકોટ શહેરમાં ગત રાત્રિથી વરસી રહેલા ભારે વરસાદ આજે પણ યથાવત્ રહ્યો છે. ત્યારે નાગરિકો આવશ્યક અને જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળે એવી મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરાએ ખાસ અપીલ કરી છે.રાજકોટ શહેરમાં વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર અમિત અરોરા અને અન્ય અધિકારીઓ દ્વાર નીચાણવાળા વિસ્તારોમાંથી કુલ ૧૦૯૦ જેટલા લોકોને સલામત સ્થળે શિફ્ટ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સ્થળાંતરીત લોકો માટે બોલબાલા ટ્રસ્ટનાં સાથ સહકાર સાથે ફૂડ પેકેટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. રાજકોટમાં સૌથી વધુ નીચાણવાળો વિસ્તાર કોઠારિયા અને સોરઠિયાવાડી વિસ્તાર છે. અહીં માથાડૂબ પાણી ભરાયાં છે, આથી ભક્તિનગર પોલીસ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હોય તેવા લોકોની વહારે આવ્યા છે. આજી નદી બની ગાંડીતૂર બનતાં શહેરનો થોરાળાનો જૂનો પુલ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. નવો પુલ ચાલુ અને જૂના થોરાળા વિસ્તારના પુલ પર પાણી ફરી વળ્યા છે. પુલની ગ્રિલ પણ તૂટી ગઈ છે. રસ્તા પર ૪થી ૫ ફૂટ પાણી ભરાતાં અસંખ્ય બાઈક અને રિક્ષાઓ બંધ પડતાં લોકો પરેશાન બન્યા છે. રાજકોટની ખોખડદળ નદીમાં પૂર આવતાં રસ્તાઓ બંધ થયા છે. ખોખડદળ નદીમાં પૂર આવતાં પૂરના પાણી ઘરમાં ઘૂસ્યાં છે. વેલનાથપરા વિસ્તારમાં લોકોના ઘરમાં પૂરનાં પાણી ઘૂસ્યાં છે. ખોખડદળ નદીમાં પૂર આવતાં લોકોનાં ઘરમાં ૪ ફૂટ સુધી પાણી ભરાયાં છે. ગોંડલમાં પણ ભારે વરસાદને કારણે રસ્તા પર ૩થી ૪ ફૂટ પાણી ભરાયાં છે.ભાદરવા મહિનામાં મેઘરાજાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ દેખાડ્યુંછે. રાજકોટ જિલ્લાને મેઘરાજાએ બાનમાં લીધું છે. સાડા ૧૧ ઈંચ વરસાદમાં શહેર આખું જળબંબાકાર બની ગયુંછે. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ઘરમાં ૫-૫ ફૂટ સુધી પાણી ભરાઈ ગયાં છે. ત્યારે દિવ્ય ભાસ્કરની ટીમ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ગ્રાઉન્ડ રિપોર્ટ કરવા પહોંચી હતી, જેમાં શહેરના લલુડી વોકળીનો આખો વિસ્તાર જળબંબાકાર બની ગયો છે. મકાનોમાં ૫-૫ ફૂટ સુધી પાણી ભરાતાં લોકો ઘરમાં જ ફસાયા છે. ત્યારે ફાયર અને પોલીસ વિભાગ દ્વારા રસ્તા પર માથાડૂબ પાણીમાં દોરડા વડે રેસ્ક્યૂ-ઓપરેશન હાથ ધરાયું છે. રાજકોટ શહેરમાં ગઈકાલ રાતથી જ મુશળધાર વરસાદ પડી રહ્યો છે, જે બંધ થવાનું નામ જ લેતો નથી. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોની હાલત બહુ જ કફોડી બની છે તેમજ લોકોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ફાયર અને પોલીસ વિભાગે રેસ્ક્યૂ-ઓપરેશ તેમજ સ્થળાંતરની કાર્યવાહી હાથ ધરી છે. કેવડાવાડી નજીક લલુડી વોકળી વિસ્તારમાં ફાયર વિભાગ અને પોલીસ દ્વારા દોરડા બાંધી ૨૫ લોકોને સ્થળાંતર કરી સુરક્ષિત જગ્યાએ ખસેડ્યા છે. આજી નદીના આસપાસના વિસ્તારોમાં પણ લોકોને એલર્ટ કરાયા છે. આજી નદી ગાંડીતૂર બનતાં રામનાથ મહાદેવ મંદિરમાં પાણી ઘૂસી ગયાં છે. અધિકારીઓ દ્વારા જવાબદારીની ફેંકાફેંકી થતાં બેદરકારીની અને પ્રી-મોન્સૂનની કામગીરીની પોલ ખૂલી છે એવો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે. કોંગ્રેસના આગેવાને એકપણ પળનો વિચાર કર્યા વિના અને અધિકારીઓની રાહ જોયા વિના અનેક લોકોને બચાવ્યા છે. હજુ પોલીસ સિવાય કોર્પોરેશનનો એક પણ અધિકારી ફરક્યો નથી. રાજકોટ વોર્ડ નં.૧૪માં આવેલા હાથીખાના વોકળામાં અધિકારીઓની બેદરકારીને કારણે અનેક લોકો પાણીમાં ફસાયા છે. હાલ ૫૦થી વધારે લોકોને વોકળાના પૂરમાથી કાઢી રેસ્ક્યૂ કરતા કોંગ્રેસ અગ્રણી રણજિત મુંધવા સાથે પોલીસ સ્ટાફ પણ છે.

# મહિલા સુરક્ષાના ધજાગરા : સગીરાનું અપહરણ કરી અત્યાચાર ગુજારવામાં આવ્યો

દાહોદ,

એક તરફ દેશમાં મહિલા સુરક્ષિત હોવાનું ગાણું ગાય છે. ત્યારે બીજી તરફ સરહદી જિલ્લો દાહોદના ફતેપુરા તાલુકાની સગીરવયની યુવતી પર જાતીય અત્યાચાર કરવામાં આવ્યો હતો. ફતેપુરા તાલુકાની ૧૭ વર્ષીય સગીર યુવતીનું સંતરામપુર તાલુકાના યુવાન પ્રેમ અંબાલાલ પ્રજાપતિ અને દિલીપ સવજી બરજોડ ફતેપુરા તાલુકાના વલુંડા ગામનો વતની અને દિલરાજ કાંતિલાલ નિનામા ગામ આંબા ઝાલોદ તાલુકાનો વતની એમ આ ત્રણે જણા ફતેપુરા તાલુકાની વતની સગીર યુવતી ટ્યુશન કલાસમાં ગઈ હતી. તે દરમિયાન યુવતી ઉપર પ્રેમ અંબાલાલ પ્રજાપતિ અન્ય જાતિનો હોવા છતાં યુવતી ઉપર નજર બગાડી હતી. યુવતી જે જગ્યા એ ટ્યુશન જતી હતી. તેની જ બાજુમાં ચાલતા આર્ટસના ટ્યુશનમાં આ ત્રણ આ વ્યક્તિઓ ટ્યુશનમાં આવતા હતા. અવર નવર આ સગીર યુવતીને હેરાન કરતા અને તા.૧૩/૦૭/૨૦૨૧ ના દિવસે દરરોજની જેમ ટ્યુશન થી છૂટીને સગીર યુવતી જ્યારે ઘરે આવવા માટે બસ સ્ટેશન જવા નીકળી હતી. તે દરમિયાન પ્રેમ અંબાલાલ પ્રજાપતિ આશરે સાડા અગિયાર વાગ્યે બસ સ્ટેશન ચોકડી પાસે મળ્યો હતો અને સગીર યુવતી કેફી દ્રવ્ય ભેળવીને ચોકલેટ આપી હતી. યુવતી પર ખરાબ નજરે જોતો હતો અને તેવામાં તેના સાથી મિત્રો દિલીપ અને દિલરાજ એમ આ બંને મોટર સાયકલ લઈ ને આવ્યા હતા અને યુવતીનું જબ્બર જસ્તી અપહરણ કરી સંતમાં આવેલ ડુંગરાળ વિસ્તાર અને રાજાના મહેલ બાજુ અવાવરૂ જગ્યા એ લઈ જઈ સગીર યુવતીને જબરજસ્તી પૂછ્યું હતું કે તારે અમારી જોડે બોલવું છે કે નઈ ત્યારે સગીર યુવતી એ ના કહેતા સગીરા સાથે શારીરિક છેડછાડ કરી હતી અને પ્રેમ અને દિલરાજ આ બંને એ સગીરાને પકડી રાખી હતી અને દિલીપે સગીરાના બંને હાથે લોખંડનો સળિયો માર્યો હતો અને બંને હાથ ભાગી નાખ્યા હતા અને કમ્મરમાં પણ ઈજા ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. કમ્મરના મણકાના ભાગે ઈજા થતા યુવતીને બેસી પણ શકાય તેમ નથી અને ગભીર ઈજાઓ પહોંચાડી અને પછી સગીરા બે ભાન થઈ ગઈ હતી. ત્યાર બાદ સગીરા જોડે આ ત્રણ નરાધમો એ શું કર્યું તે યુવતી ને ભાન ન રહેતા કોઈ પણ પ્રકારની ખબર નથી. ત્યાર પછી યુવતી જોડે શું કર્યું તે યુવતીને ખબર નથી અને યુવતીને અજાણ્યા વ્યકિતઓ સંતરામપુર ગીતા ઓર્થોપેડીક હોસ્પિટલમાં દાખલ કરી સગીરાના વાલીને ફોન કરી જાણ કરી હતી અને જાણ કરતા સગીરાના વાલી હોસ્પિટલ દોડી આવ્યા હતા. હોસ્પિટલમાં સગીરાના બંને હાથનો એકસરે કર્યો હતો અને એકસરે ડો.અનિલ તાવિયાડને બતાવ્યો હતો. ડોકટરે એકસરે જોઈ તપાસ કરતા હાથનું ઓપરેશન કરવું પડે તેમ હોવાથી ડાં. તાવિયાડની કાયમી વિનાયક હોસ્પિટલ લુણાવાડા રીફર કરવામાં આવ્યા હતા. જ્યાં બે દિવસ સારવાર કરવા માં આવી હતી અને સારવાર બાદ રજા આપી હતી અને બીજા દિવસે સગીરાના માતા, પિતા અને કાકા ૦૭/૦૮/૨૦૨૧ ના રોજ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી, પરંતુ અરજીમાં કોઈ જાતની તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી ના હતી અને વચ્ચેના સમયમાં સગીરાના પિતા દ્વારા ફરિયાદ પણ નોધાવવા ગયા હતા પરંતુ ફરિયાદ ન લેતા હોવાનું સગીરાના વાલી એ જણાવ્યું હતું. જેથી આદિવાસી ટાઈગર સેના દ્વારા ૩૦/૦૮/૨૦૨૧ ના રોજ સાથે રહી ફરિયાદ નોધાવી હતી, પરંતુ પોલીસ ફરિયાદના કરવા છતાં આજદિન સુધી પોલીસ આ ત્રણેય આરોપીની ધરપકડ હજી સુધી કરવા માં આવી નથી. ત્યારે પોલીસની કામગીરી પર પણ શંકાની ચર્ચાઓથી ખળભળાટ મચી જવા પામી છે. પોલીસ દ્વારા સમાધાન કરવા માટે પણ સગીરાના વાલીને ધમકાવવામાં આવ્યા હોવાની પણ ચર્ચા ચાલી રહી છે.






તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

## સગીરા ને ડુંગરાળ વિસ્તાર સંતરામપુર રાજાના મહેલ બાજુ લઈ જઈ અત્યાચાર ગુજારવામાં આવ્યો

સગીરાના વાલી એ વાત ચીત જણાવ્યું હતું કે, મારી દીકરીની હાલત હાલ ખુબજ ગંભીર છે અને તે બેસી પણ શકતી નથી અને તેના હાથ અને કમ્મર કમર ના મણકા પણ ભાગી નાખ્યા છે અને મારી દીકરી ને બીજા કોઈ પણ ભાગે ઈજા થઇ નથી તો કઈ રીતે મનાય કે એક્સિડન્ટ થયો છે અને અમારી દીકરી પણ કહે છે કે મને આ ત્રણ જણે પોતાની મોટર સાયકલમાં રહેલા લોખંડના સળિયા વડે મને હાથ પર અને કમ્મર ના ભાગે મારી ને ગંભીર ઈજા ઓ પહોંચાડી હતી.

સંતરામપુર ગીતા ઓર્થોપેડીક હોસ્પિટલના ડો. અનિલ તાવિયાડ પર પણ સગીરાના વાલી દ્વારા આરોપ લગાવવામાં આવી રહ્યા છે. બાળકીના નિવેદન વગર જ બાળકીના કેસ ને એકિસડન્ટ બતાવવામાં આવ્યો હોવાનું સગીરા દ્વારા કહેવામાં આવી રહ્યું પરંતુ હકીકતમાં સગીરા ને ત્રણ નરાધમો દ્વારા અવાવરૂ જગ્યા એ લઈ જે અત્યાચાર ગુજારવામાં આવ્યો હોવાનું સગીરાનું કહેવું છે અને ડો. અનિલ તાવિયાડ સગીરાનું સ્ટેટમેન્ટ લીધા વગર જ જાતે જ રિપોર્ટ માં ચેડાં કરી એક્સિડન્ટ કેશ બતાવવામાં આવ્યો હોવાનું સગીરા તેમજ સગીરાના વાલી એ વાતચીતમાં જણાવ્યું હતું તેમજ સગીરાના વાલીને સારવારના બિલો રિપોર્ટ પણ આપવામાં આવ્યા નથી. ત્યારે સગીરાના વાલી તેમજ આદિવાસી ટાઈગર સેના દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે, આવા ડોક્ટરને પણ સજા થવી જોઈએ તેવી માંગ કરવામાં આવી રહી છે.

એક્ટ્રોસિટી એક્ટ મુજબ સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. જેમાં કલમ ૩૬૩, ૩૫૪ A, ૩૨૫,૧૨,૧૭, ૩(I)(w)(I), ૩ (૨)(va) મુજબ ગુનો નોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરમના ૨ કેસ મળ્યાં

દાહોદ,

દાહોદ જિલ્લામાં ડેન્ગ્યૂના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે ચાંદીપુરમ વાયરસના પણ બે શંકાસ્પદ કેસ મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. વહિવટી તંત્ર દ્વારા કરાયેલી સંચારી રોગની બેઠકમાં આ ઘટસ્ફોટ થયો હતો. જોકે, સબંધિતોના સીરમ સેમ્પલ તથા કોન્ટેક સીરમ પરિક્ષણ માટે પૂણે મોકલાયા હોવાનું જાણવા મળ્યુ છે. દાહોદમાં કલેક્ટર ડો.હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં સંચારી રોગ અટકાયતી સર્વેલન્સની બેઠક યોજવામાં આવી હતી. જેમાં સમીક્ષા દરમિયાન ગત વર્ષની સરખામણીમાં ડેન્ગ્યૂના કેસમાં વધારો જણાતા તમામ કેસની હિસ્ટ્રી સાથે જે તે વિસ્તારોમાં સઘન એન્ટી લાર્વલ એક્ટીવીટી હાથ ધરવાનું અને વાહકજન્ય રોગો માટે વધુમાં વધુ જનજાગૃતિ અને આઈ.ઈ.સી એક્ટીવીટી હાથ ધરવાનું સબંધિત અધિકારીઓને સુચન કરવામાં આવ્યુ હતું. આ સાથે આ વર્ષે ચંદીપુરા વાયરસના બે શંકાસ્પદ કેસ હોવાનો મીટીંગમાં ઘટસ્ફોટ થયો હતો. શંકાસ્પદોના સીરમ સેમ્પલ તથા કોન્ટેક સીરમ સેમ્પલ એન.આઇ.વી પૂણે ખાત પરીક્ષણ માટે મોક્લવામાં આવ્યા છે અને પરિણામ બાકી હોવાની સબંધિત અધિકારીએ જાણકારી આપી હતી. આ સાથે જિલ્લામાં ચંદીપુરા અટકાતી પગલા સ્વરૂપે ડસ્ટીંગ કામગીરીની સમીક્ષ કરાતા તેમાં ૨૬૦૯૬ કાચા ઘરોમાં લીપણ અને તીરોડના પુરણીની કામગીરી કરવા સાથે ૧.૦૪ લાખ કાચા ઘરોમાં મેલેથીયોન ૫ ટકા ડસ્ટીંગ કામગીરી કરવામાં આવી હોવાની માહિતી આપવામાં આવી હતી.

# લીમખેડા ઉમરિયા ડેમ ૮૦ ટકા ભરાઈ જતાં ૧૩ ગામોમાં એલર્ટ પાટાડુંગરીમાં ૬ કલાકમાં ૫૦૨૮ ક્યુસેક પાણી આવ્યું

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ઉમરિયા જળાશયની પૂર્ણ જળસપાટી ૨૮૦ મીટર છે. શનિવારે જળાશય ૮૦ ટકા ભરાયુ હતું. યોજનાના સ્રાવ ક્ષેત્રમાં થતાં વરસાદથી જળાશયની સપાટી ક્રમશઃ વધવાની સંભાવનાને પગલે ઉમરિયા ડેમના નીચાણવાસના ૮ અને ઉપરવાસના ૫ મળી ૧૩ ગામોને એલર્ટ કર્યા છે જેમાં અગારા, વિસલંગા, ઘુટીયા, પટવાણ, ટીંબા, ચૈડીયા, કુન્લી, કુણધા, પાડોળા, નિનામાના ખાખરીયા, પરમારના ખાખરીયાનો સમાવેશ થાય છે. જ્યારે ગરબાડા તાલુકામાં આવેલા પાટાડુગરી જળાશયની મહત્તમ ૧૭૦.૮૪ મીટર સપાટી શનિવારે સાંજે ૪ વાગ્યાના અરસામાં ૧૬૭.૩૩ મીટર થઇ ૨૧ ઝ્રસનો વધારો થયો છે. છ જ કલાકના સમય ગાળામાં ડેમમાં ૫૦૨૮ ક્યુસેક પાણી આવ્યું હતું.પાનમ નદીમાં ફસાયેલ અસ્થિર મગજની યુવતીને રેસ્કયુ કરાયું. ગોધરા તાલુકા પો.સ્ટે . વિસ્તારના મેર ૫ ગામની સીમમાંથી પસાર થતી પાનમ નદીમાં એક અસ્થિર મગજની યુવતી ફસાઇ હોવાના મેસેજ મળતા ગોધરા તાલુકા પો.સ્ટે .ના પો.ઈન્સ તથા સ્ટાફના માણસો ઘટના સ્થળે પહોંચયા હતા. જ્યાં નદીના પાણીનું વહેણ અચાનક વધ્યું હોવાથી નદીના વચ્ચેના ભાગમાં પથ્થર ઉપર મેરપ ગામની અસ્થિર મગજની યુવતી ફસાયેલી મળી હતી. જ્યાં એસ.ડી.આર.એફ.ની ટીમનો સંપર્ક કરીને જગ્યા રેસ્કયું કરવા બોલાવાઇ હતી.

સ્પીડ બોટ દ્વારા આ અસ્થિર મગજની યુવતીને નદીના પાણીમાંથી સહી સલામત રીતે બચાવીને રેસ્કયુ કરવામાં આવેલ હતું. તેમજ આ યુવતીને તેના મા બાપને સોંપવામાં આવેલ છે. આ કામગીરીમા ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ એમ.કે.ખાંટ તથા સ્ટાફ તથા એસ.ડી. આર. એફ. ની ટીમ તથા અન્ય વહીવટી પ્રશાસનના અધિકારી, કર્મચારીઓ જોડાયેલ હતાં.

મુંબઈ વિશે તો ઘણું લખ્યું કે પહેલાં કેવી મજા હતી! તો શું મુંબઈની મજા મરી પરવારી છે? મુંબઈ કદી થંભ્યું નથી અને કદી રોકાશે પણ નહીં હંમેશા સતત ધમધમતુ આપણું મુંબઈ ગતિશીલ છે ને રહેશે ચાલો હાલનાં મુંબઈની મજાની કવિતા આપણે માણીએ આ નિયતીની કલમે.



જીજ્ઞા કપુરીયા (નિયતી)

આ માયાનગરી મુંબઈ છે.

અહીં લોકલટ્રેનમાં ભીડ છે ને
સ્વપનાઓ ભરપૂર છે,
અહીં ગગનચુંબી ઈમારત છે
ને લક્ષ્મીદેવીનો વાસ છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં ગેટવે ઓફ ઈન્ડિયાએ ભારતની શાન છે
ને તાજહોટલ જાજરમાન છે,
અહીં નરીમાન પોઈન્ટની પાળ છે
ને ક્વિન્સનેકલેશથી શોભાય છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં લક્ષ્મીરૂપે મુમ્બાદેવી છે ને કોળીઓની ગ્રામદેવી છે,
અહીં સિધ્ધિવિનાયક મંદિરમાં ભક્તોની કતાર છે ને લાલબાગનાં રાજાનો દરબાર છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં હાજીઅલી પીરની દરગાહ છે ને માઉન્ટ મેરીનો મેળો છે,
અહીં રેસકોર્સમાં ઘોડદોડ છે ને લખપતિઓ ગાંડાતુર છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં નેશનલ સ્ટોક એક્સચેન્જ છે ને બહુરાષ્ટ્રીય કંપનીઓની ભરમાર છે,
અહીં હોલીવુડ જેવું બોલીવુડ છે ને નહેરૂ પ્લેડિટોરિયમ વિશ્વવિખ્યાત છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં સદીનાં મહાનાયક બચ્ચનનો પ્રતિક્ષા છે ને અંબાણીનો એન્ટીલિયા પણ છે,
અહીં બાળાસાહેબ ઠાકરેનું માતુશ્રી છે ને ભારતરત્ન સચિનની માતૃભૂમિ પણ છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં ગુડીપડવાની પ્રતિપદા છે ને પારસીની પતેતી કે નવરોઝ પણ છે,
અહીં નવાવર્ષનો ઉમંગ છે ને મારો કચ્છડો બારેમાસ છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં યુવાની મદમસ્ત છે ને હોટલો ધમધમતી છે,
અહીં દિવસે તો ધમાલ છે ને નાઈટલાઈફ પણ મશહૂર છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં ગરબે ઘુમતી ગુજરાતણ છે ને પીંગા કરતી મરાઠી મુલગી છે,
અહીં ભાંગડા કરતી પંજાબી કુડી છે ને વિવિધ સંસ્કૃતિનું કેન્દ્ર છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં ઘૂઘવાતો
અરબસાગર છે ને દરિયાઈ પુલ પણ મનમોહક છે,
અહીં પ્રતિષ્ઠિત પ્રતિભાઓની કર્મભૂમિ છે ને વિશ્વસુંદરીનો સરતાજ છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં ધારાવી જેવી અચંબિત કરતી ઝૂંપડપટ્ટી છે ને ધનિકોના બંગલા પણ છે,
અહીં ડરામણાં વરસાદની પણ મજા છે ને મદદ માટે લોકો હાજર છે.
આ માયાનગરી મુંબઈ છે.

અહીં વિકટ પરિસ્થિતિમાં ''નિયતી'' મુંબઈ કદી થમી નથી ને એટલે જ તો એ આમચી મુંબઈ છે.
આ માયાનગરી મુંબઈ છે.

# કોરોના, મોંઘવારી, બેરોજગારી જવા મુદ્દાને લીધે રૂપાણીનું રાજીનામું અને નવા મુખ્યમંત્રી લવાયાનું તજજ્ઞોનું માનવુ

અમદાવાદ,

ગુજરાત રાજ્યના રાજકારણ માં વિજયભાઈ રૂપાણીના રાજીનામાં બાદ ભુંકપ આવ્યો છે. ત્યારબાદ અનેક રાજકીય પક્ષો તેમજ તજજ્ઞો દ્વારા અવનવી અટકળો રજુ કરી છે જેમાં વિજય રૂપાણીને કોરોનામાં નબળી કામગીરી, મોંઘવારી, બેરોજગારી જેવા અનેક મુદ્દાના લીધે રાજીનામું અપાયું હોત તેમ જણાવવામાં આવે છે આ સાથે જ કેન્દ્ર દ્વારા ગુજરાતમાં આવનારી ૨૦૨૨ની ચુંટણી માટે નવો ચહેરો લાવી તેમજ પાટીદારોના ગુસ્સાને ડામવા જેવા અનેક મુદ્દાને લીધે નવા મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલને નિયુક્ત કર્યાની તજજ્ઞોનું માનવું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદના ઍરપૉર્ટ પર પહોંચ્યા ત્યારે તેમને આવકારવા માટે ગુજરાત ભાજપના પ્રદેશાધ્યક્ષ સી. આર. પાટીલ અને નવનિયુક્ત મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર હતા. શાહ બીએસએફના વિશેષ પ્લૅનમાંથી નીચે ઊતર્યા કે હાથમાં બુકે લઈને પહોંચેલા પટેલ તેમની સામે લગભગ નમી ગયા હતા અને તેમના હાથ જોડાયેલા હતા. ઍરપૉર્ટ પરનાં દૃશ્યો અમિત શાહની પસંદગીના એવા રૂપાણીને હઠાવીને આનંદીબહેન પટેલ જૂથની વ્યક્તિ મુખ્ય મંત્રી બનતાં ઊભી થયેલી આંતરિક જૂથબંધીની અટકળોને ડામવા માટે ' ગુજરાતમાં ભાજપથી નારાજ પાટીદારોને પોતાની તરફ ખેંચવા માટે તથા સંગઠન અને સરકાર વચ્ચે સામંજસ્ય બેસાડવા માટે ભૂપેન્દ્ર પટેલને લાવવામાં આવ્યા છે. જોકે, આમ કરવા જતાં અન્ય દિગ્ગજ પાટીદાર નેતા નીતિન પટેલ દેખીતી રીતે નારાજ થઈ ગયા છે. ગુજરાતના પ્રદેશાધ્યક્ષ સી. આર. પાટીલ આગામી વિધાનસભા ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠક ઉપર જીતવાની મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખે છે. અત્રે એ યાદ રાખવું ઘટે કે વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપને માત્ર ૯૯ બેઠક મળી હતી. ગુજરાતના રાજકારણના તાજેતરના ઘટનાક્રમને સમજવા માટે સાત વર્ષ પહેલાંની રાજકીય પરિસ્થિતિ ઉપર નજર કરવી પડે. મે-૨૦૧૪માં ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી ભાજપના વડા પ્રધાનપદના ઉમેદવાર હતા. ચૂંટણીપરિણામો બાદ તેઓ દિલ્હી ગયા ત્યારે તેમણે શાસનની ધૂરા પોતાનાં વિશ્વાસુ એવાં આનંદીબહેન પટેલને સોંપી હતી, જે તેમના મંત્રીમંડળમાં મંત્રી હતાં. આ અરસામાં ઘટનાક્રમ ઝડપભેર બદલાયો અને ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન થયું, જેને ડામવા માટે આનંદીબહેન પટેલ સરકારે કડક હાથે કામ લીધું અને પોલીસ કાર્યવાહીમાં ૧૪ યુવકોનાં મૃત્યુ થયાં. જોકે, પાટીદારોના એક વર્ગનું માનવું હતું કે આ કાર્યવાહી અમિત શાહના કહેવાથી કરવામાં આવી હતી કોવિડ-૧૯ સમયે સરકારની કામગીરી, મોંઘવારી, બેરોજગારી જેવા મુદ્દા રૂપાણી વિરુદ્ધ ગયા હતા. વિશ્લેષકોનું માનવું છે કે આ સંપૂર્ણપણે ચૂંટણીને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલું પગલું છે. સરકાર અને સંગઠન વચ્ચે સામંજસ્ય અને સંવાદ વધે તે તેનો મુખ્ય હેતુ છે. રાજકીય વિશ્લેષક દિલીપસિંહ ક્ષત્રિયના કહેવા પ્રમાણે, "જ્યારથી સીઆર પાટીલને ગુજરાત ભાજપના પ્રદેશાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે, ત્યારથી તેમને આગામી વિધાનસભા ચૂંટણી જીતવા માટે છુટ્ટો દોર આપવામાં આવ્યો છે." રવિવારે જ્યારે મુખ્ય મંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલના નામની જાહેરાત થઈ, તે પછી પત્રકારો સાથે વાત કરતાં તેમણે કહ્યું, "મારા ઉપર હંમેશાંથી આનંદીબહેનના આશીર્વાદ રહ્યા છે." એટલે ફરી એ અટકળોને વેગ મળ્યો કે તેઓ આનંદીબહેન પટેલ કૅમ્પના છે. આનંદીબહેન અગાઉ અમદાવાદની ઘાટલોડિયા બેઠક પરથી ચૂંટાઈ આવ્યાં હતાં અને ભૂપેન્દ્ર પટેલ પણ એ બેઠક પરથી જ ધારાસભ્ય હોવાથી આ ચર્ચાને વેગ મળવો સ્વાભાવિક પણ હતો. "સુરતમાં ભાજપથી નારાજગી છે, પરંતુ કૉંગ્રેસ તરફ નહીં જવા માગતા પાટીદારો આપ તરફ ન જાય તેવી ગણતરી છે. કેન્દ્રીય નેતૃત્વને જુનિયર હોય તેવી વ્યક્તિની જરૂર હતી, જે કહ્યું કરી શકે."

# દાહોદમાં ૫૦થી વધુ સંસ્થાનો દ્વારા મધ્યપ્રદેશના રાજ્યપાલ પદે નિયુક્તિ બદલ પટેલનું અદકેરૂ સન્માન

દાહોદ,

મધ્યપ્રદેશના રાજ્યપાલ પદે નિયુક્ત થવા બદલ ગુજરાતના પીઢ નેતા મંગુભાઇ પટેલનું દાહોદના આદિવાસી સમાજના વિવિધ સામાજિક અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા અદકેરૂ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માનના પ્રતિભાવમાં તેમણે ગીતાઉપદેશ દોહરાવી ફળની અપેક્ષા રાખ્યા વિના સમાજ સેવારૂપી કર્મ કરતા રહેવાની શીખ આપી હતી.

દાહોદની અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થાન ભીલ સેવા મંડળના ઉપક્રમે અહીંના પંડિત દીનદયાલ સભાગૃહમાં યોજાયેલા સન્માન સમારોહમાં સંબોધન કરતા મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઇ પટેલએ જણાવ્યું કે ગુજરાતમાં આદિવાસી સમાજના



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

વિકાસનો પાયો તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ નાખ્યો હતો. તેમના શાસન પૂર્વે ગુજરાતમાં ૩૫ વર્ષમાં આદિજાતિ વિકાસ માટે કૂલ રૂ.૧૨૦૦ કરોડ વપરાયા હતા અને નરેન્દ્રભાઇએ વનબંધુ કલ્યાણ યોજનાના પ્રથમ તબક્કામાં રૂ. ૧૭૦૦ કરોડ આ સમાજના કલ્યાણ માટે ખર્ચ કરવામાં આવ્યા હતા. હવે, ગુજરાત સરકારે એક લાખ કરોડની જોગવાઇ સાથે વનબંધુ કલ્યાણ યોજના-૨ લોન્ચ કરી છે. તેનાથી અંબાજીથી ઉમરગામ સુધીના આદિજાતિ વિસ્તારના લોકોને સમગ્રતયા લાભ થશે.

દાહોદ સાથે પોતાના સંસ્મરણો વાગોળતા તેમણે કહ્યુંકે રાજ્ય સરકાર અને સંગઠનમાં મારી જવાબદારી અનુસંધાને મારે દાહોદ જિલ્લાનો વારંવાર પ્રવાસ કરવાનો થતો હતો. દાહોદ આવું એટલે મને ઘરે આવ્યો હોવાની અનુભૂતિ થાય છે. સરકારમાં કામ કરતો હતો ત્યારે અમે કોઇ પણ રાજકીય ભેદભાવ રાખ્યા વીના આદિવાસીઓના વિકાસ માટે કામ કર્યું હતું અને એ જ ઉજળી પરંપરા પણ આજે ચાલી આવે છે.

આદિવાસી સંગઠનોના પ્રતિનિધિઓને શીખ આપતા પટેલે ઉમેર્યું કે, સમાજસેવકોએ સારાનરસા પ્રતિભાવની અપેક્ષા કે ફળની ચિંતા કર્યા વિના સેવાનું કામ કરતું રહેવું જોઇએ. તમારા સારા કામની કોઇ નોંધ લે કે ના લે પણ ઇશ્વરના દરબારમાં સારા કામની નોંધ ચોક્કસ લેવાઇ છે. પ્રથમ દેશ, બાદમાં સંસ્થા અને છેલ્લે સ્વ માટે કામ કરવા જોઇએ. રાજ્યપાલએ પોતાને આ વિશેષ જવાબદારી મળવા બદલ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનનો આભાર માન્યો હતો અને કહ્યું કે, મારી નિયુક્તિ એ વાત બતાવે છે કે તમે કરેલા કામની નોંધ ચોક્કસ લેવાઇ છે.

દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, અમારી જેવા અનેક નાનામોટા કાર્યકર્તાઓને મંગુભાઇનું સતત માર્ગદર્શન મળતું રહ્યું છે. મને એમની સાથે કામ કરવાની તક મળી છે. એ અનુભવનું હું એટલું તો ચોક્કસ કહી શકું કે તેમણે સ્વ કરતા સમાજની સવિશેષ ચિંતા કરી છે. ગુજરાતમાં વનબંધુ કલ્યાણ યોજનાના પ્રારંભિક કાળમાં પટેલના યોગદાનને બિરદાવતા ભાભોરે કહ્યુંકે, તેમણે હંમેશા આદિવાસી સમાજના હિતને હૈયે રાખીને કામ કર્યું છે. તેના કારણે આજે આદિવાસી વિસ્તારમાં થયેલો વિકાસ આપણને સૌને જોવા મળી રહ્યો છે.

ગોધરાના સાંસદ રતનસિંહ રાઠોડે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં રાજ્યપાલના ૨૭ વર્ષના ધારાસભ્યકાળ દરમિયાન સેવાની પ્રશસ્તિ કરી હતી.

દાહોદની ૫૦થી વધુ સંસ્થાઓ, ૩૦૦થી વધુ વ્યક્તિગત રીતે મંગુભાઇ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમના આગમન વેળાએ જિલ્લા પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

આ વેળાએ ધારાસભ્ય શૈલેષભાઇ ભાભોર, પ્રો. કુબેરભાઇ ડિંડોર અને નિમિષાબેન સુથાર, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા તથા રમીલાબેન, અગ્રણી શંકરભાઇ અમલિયાર અને દશરથભાઇ બારિયા, કૈલાસબેન પરમાર, ભીલ સેવા મંડળના પ્રમુખ શાંતિભાઇ નિનામા અને મંત્રી મુકેશભાઇ પરમાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીયાના જુના બારીયા ગામે ટ્રેક્ટર ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક ચાલકને ઈજાઓ સારવાર દરમિયાન મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના જુના બારિયા ગામે હાઈવે રોડ પર એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાની ટ્રેક્ટર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી એક મોટરસાયકલ ચાલકને અડફેટમાં લઇ ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા મોટરસાયકલ ચાલકનું સારવાર દરમિયાન મોત નિપજ્યાનું જાણવા મળે છે. ગત તારીખ આઠમી જુલાઇના રોજ ધાનપુર તાલુકાના લીમડી મેઘરી ગામે ધારવા ફળિયામાં રહેતા ભરતકુમાર પોતાની મોટરસાયકલ લઈ દેવગઢ બારિયા તાલુકાના જુના બારિયા ગામેથી હાઈવે રસ્તા પરથી પસાર થઇ રહયા હતા.આ દરમિયાન એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાની ટ્રેક્ટર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ભરતકુમાર ની મોટર સાયકલને જોશભેર ટક્કર મારતા ભરતકુમાર મોટર સાયકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા જેના પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓને પ્રથમ તો નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા પરંતુ જ્યાં સ્થિતિ ગંભીર બનતા ભરતકુમાર ને વધુ સારવાર અર્થે વડોદરાની એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓનું ગતરોજ સારવાર દરમિયાન લાંબી સારવાર બાદ મોત નિપજતા આ સંબંધે મરણ જનાર ભરતકુમારના પુત્ર શૈલેષકુમાર ભરતકુમાર ચૌહાણ દ્વારા દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.19

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

# કાલોલ તાલુકાના ખેડુતોએ વીજપુરવઠાના પ્રશ્નને કારણે MGVCL ને તાળા માર્યા



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

**કાલોલ તાલુકાના MGVCLના ધાંધિયા ને કારણે ખેડુતોએ કચેરીને તાળા મારી ધરણા ધર્યા.**

કાલોલ,

કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છાસવારે વીજ પુરવઠો ખોરવાતા ખેડુતો કાલોલ ખાતે આવેલ MGVCL કચેરી ખાતે ખેડુતોએ તાળા મારી ધરણા ધરી રામ ધુન કરી. કાલોલ ખેતીવાડીના વીજ પાવરમાં છાસવારે કાપ થતાં ખેડુતોએ ભારે રોષ પ્રગટ કરી. જય જવાન જય કિસાનના નારા લગાવામાં આવ્યા હતાં. બહું મોટા પ્રમાણમાં ખેડુતો કાલોલ કચેરી ખાતે એકત્રિત થઈને ખેડુતો સમય સર વીજ પુરવઠો મળે તેવી માંગ કરી હતી. ખેડૂતો એં જણાવ્યું છે કે, કાલોલ MGVCLના કર્મચારીઓની લાલિયાવાડીના કારણે ખેડૂતોને નુકશાનીના ભોગ બનવું પડતું હોય છે. જોકે રોષે ભરાયેલા ખેડૂતોએ કાલોલ કચેરીએ આવીને નગર સહીત કચેરીને લગતા અંદાજીત ૮૦ ઉપરાંતનો વીજ પુરવઠો બંધ કરાવ્યો હતો. જેના કારણે કાલોલના ઉદ્યોગપતિઓને પણ મુશ્કેલી વેઠવી પડી હતી. જોકે ખેડુતોના કાયમીના પ્રશ્નોને લઈને ખડૂતોની માંગણી વિકટ બનતા જિલ્લા પ્રાંત અધિકારી અને MGVCLના એજયુકેટીવ એન્જિનિયર હાલોલ થી એન.યુ. નાયક તેમજ સુપ્રીટેન્ડ પંચમહાલ સર્કલ વર્મા કાલોલ નાયબ મામલદાર સહીત પોલીસ પણ કચેરીએ દોડી આવ્યા હતાં. તંદુપરાંત કાલોલ તાલુકાના ભરતીય જનતા પાર્ટીના હોદેદારો પણ ખેડૂતોનાં પ્રશ્નને સમર્થન આપીને અધિકારીઓને જણાવતા ખેડૂતોનાં વીજ પુરવઠાના કાયમી પ્રશ્નો નિવારણ લાવવા માટે રજુઆત કરી અંતે મોડી સાંજે લેખિત બાંહેધરી આપતા મામલો ઠારે પડ્યો હતો.

જોકે કાલોલ મલાવ પંથકના આસિસ્ટન્ટ લાઈનમેન વાય.એમ. ગોસાઈની તાત્કાલિક કાલોલ ખાતે થી બદલી કરી દેવામાં આવતા કાલોલ MGVCLના કર્મચારીઓમાં ગભરાહટ ફેલાઈ ગયો હતો.

કાલોલ તાલુકા એમ.જી.વી.સી.એલ.ના ધાંધીયાને લઈ ખેડુતો અને ગ્રામજનો પરેશાન થતાં હોય અવાર-નવાર રજુઆત છતાં વીજ કંપનીએ ધ્યાન નહિ આપતાં ખેડુતો અને ગ્રામજનો વીજ કચેરી પહોંચી વિરોધ વ્યકત કર્યો.

કાલોલ તાલુકાના ખેડુતો એ એમ.જી.વી.એલ. કચેરીમાં ખેડુતોના વિરોધ પ્રદર્શનને લઈ પ્રાંત અધિકારી, હાલોલ એમ.જી.વી.સી.એલ.ના એજયુકેટીવી એન્જીનિયર દોડી આવ્યા હતા અને વીજ પુરવઠાનો કાયમી ઉકેલ આપવાની ખાતરી આપી.

# ગોધરા પાવર હાઉસ સીંધી ચાલમાં ભુર્ગભ ગટર લાઈનમાંથી પાણીના નિકાલના અભાવે ગટરો ઉભરાઇ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગોધરા શહેરા પાવર હાઉસ સીંધી ચાલમાં ત્રણ માસ અગાઉ બનેલ રસ્તાની દયનીય હાલ જોવા મળી રહી છે. ભુર્ગભ ગટર લાઇન માંથી પાણીનો નિકાલ નહિ થતાં ગંદા પાણી ભરાવાથી મચ્છરનો ઉપદ્રવ વધ્યો લોકો રોગચાળાનો ભોગ બનવાની શકયતાઓ વધી.

ગોધરા નગર પાલિકા વિસ્તારના પાવર હાઉસ સીંધી ચાલમાં ત્રણ માસ અગાઉ રસ્તો બનાવવામાં આવ્યો હતો. તેની હાલત દયનીય જોવા મળી છે. પાવર હાઉસ સીંધી ચાલમાં ૬૫ જેટલા ઘરો આવેલ છે. ચાલમાં ભુર્ગભ ગટર લાઈન યોજના ફેલ છે. ભુર્ગભ ગટર લાઈન માંથી ગંદા પાણીનો નિકાલ થતો ન હોવાથી રસ્તા ઉપર ગંદુ પાણી ભરાઈ રહેવાથી મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે. ભુર્ગભ ગટર લાઈન લોક થઈ જવા બાબતે પાલિકામાં રજુઆત કરતા પાલિકા અધિકારીઓ સીંધી ચાલની મુલાકાત લીધી છે. પરંતુ આજ દિન સુધી રસ્તા ઉપર ભરાતા ગંદાપાણીનો નિકાલ કરવામાં આવ્યો નથી. સીંધી ચાલના રહિશો ગંદકીને લઈ મચ્છરજન્ય રોગ જેવા કે, ડેન્ગ્યુ, મેલેરીયા અને ચીકનગુનીયા જેવા રોગમાં સપડાઈ રહ્યા છે. ત્યારે પાલિકા તંત્ર પાવર હાઉસ સીંધી ચાલના રહિશોની સમસ્યા હલ કરશે ખરાં ?

- ગંદા પાણીને લઈ મચ્છરજન્ય રોગચાળાનો ભય.
- પાલિકામાં રજુઆત થતાં રસ્તા ઉપર ભરાતા ગંદા પાણીના નિકાલ કરવામાં ઉદાસીનતા.

# શહેરા નગર અને તાલુકામાં ગણેશ મહોત્સવની ભાવભેર ઉજવણી : ભકતો શ્રીજીના આરાધનામાં લીન

શહેરા,

શહેરા નગર અને તાલુકામાં ગણેશ મહોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. નગર વિસ્તારમાં વિવિધ મંડળો દ્વારા ગણેશજીની નાની-મોટી પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી હતી. દરરોજ ધાર્મિક કાર્યક્રમો સાથે ગણેશજીની આરાધના કરવામાં આવી રહી છે. ભાવિકોજીના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

શહેરા સહિત જિલ્લાભરમાં શુક્રવારના દિવસે વિઘ્નહર્તા દેવ ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. ગણેશ યુવક મંડળો દ્વારા જુદી જુદી થીમ પર ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે ગણેશ પંડાલો ને ડેકોરેશન પણ જાતજાતની અને ભાતભાતની ચીજવસ્તુઓનો ઉપયોગ કરીને લોકોને આકર્ષવા પ્રયાસ કરવામાં આવ્યો છે. દેવાધિદેવ મહાદેવના પુત્ર ગણેશજીની ગણેશ ભકતો દ્વારા આસ્થાભેર પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. સાથે ભજન કિર્તન સાથે અનેક ધાર્મિક કાર્યક્રમો પણ રાખવામાં આવી રહ્યા છે. ભાવિકો ગણેશજીના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. નગરમાં જાગેશ્વર મહાદેવ મંદિર, સ્વામિનારાયણ મંદિર, ગણેશ ચોક, વાલ્મિકી સમાજ, પોલીસ સ્ટેશન, સિંધી કોલોની, શાન્તા કુંજ સોસાયટી, દેવ કૃપા સોસાયટી સહિત નગર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગણેશજી પાંચ દિવસ માટે મહેમાન બન્યા છે. ગણેશ પંડાલો ખાતે પોલીસ તંત્ર દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગણેશ ભક્તો ગણેશજીની ભક્તિમાં લીન થઈ ગયા છે. પાંચ દિવસની મહેમાન ગતિ માણનારા વિઘ્નહર્તા દેવ ગણપતિ બાપાને બુધવારના રોજ ભાવભીની વિદાય આપવામા આવનાર છે. નગર અને તાલુકામાં ગણેશ મહોત્સવની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ગણપતિ બાપ્પા મોરિયાના નાંદ થી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું છે.













તસ્વીર : તુષાર દરજી, શહેરા













શહેરા નગરમાં ગણેશ મહોત્સવની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી છે. નગરમાં જાગેશ્વર મહાદેવ, સ્વામિનારાયણ મંદિર, ગણેશ ચોક, વાલ્મિકી સમાજ, પોલીસ સ્ટેશન, શાન્તા કુંજ સોસાયટી, સિંધી કોલોની, દેવ કૃપા સોસાયટીમાં ગણેશજી અલગ-અલગ સ્વરૂપમાં નજરે પડે છે.

# પંચમહાલ જીલ્લા તલાટી કમ મંત્રી દ્વારા પડતર પ્રશ્નોના નિરાકરણ નહિ આવતા જીલ્લા કલેકટરને આવેદન



ગોધરા,

પંચમહાલ જીલ્લા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ દ્વારા તલાટી કમ મંત્રીની સરકારમાં પડતર પ્રશ્નોના યોગ્ય નિકાલ થાય તેવી માંગ સાથે આજરોજ જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રી મહામંડળની ૭ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ કારોબારીની સભા મળેલ હતી. તેમાં તલાટી કમ મંત્રી કેડરના સરકારમાં પડતર પ્રશ્નો માટે વારંવાર તલાટી મહામંડળ દ્વારા રજુઆત કરવામાં આવી છે. છતાં તલાટી કમ મંત્રીઓના પ્રશ્નોના યોગ્ય નિકાલ થયેલ નથી. તલાટી કમ મંત્રી મહામંડળની કારોબારી દ્વારા વિવિધ કાર્યક્રમો આવવાનું નકકી કરેલ હોય તે મુજબ ૧૩ સપ્ટેમ્બરના રોજ તમામ જીલ્લાકક્ષા એ જીલ્લા કલેકટરને પડતર માંગણીઓને લઈ આવેદન આપ્યું. પડતર પ્રશ્નોના નિરાકરણ ન આવે તો ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ તલાટી કમ મંત્રી કાળ પટ્ટી ધારણ કરી ફરજ બજાવી. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૧ના તલાટી કમ મંત્રી એ ફરજ ઉપર હાજર રહી પેન ડાઉન કાર્યક્રમ કરશે. ૧ ઓકટોમ્બર ૨૦૨૧ના તાલુકા કચેરી એ બેનરો સાથે વિરોધ પ્રદર્શન કરવો સાથે તમામ ઓનલાઈન કામગીરી અને મહેસુલી કામગીરીનો બહિષ્કાર કરવામાં આવશે તેવી વિવિધ માંગણીઓ સાથે આજરોજ પંચમહાલ જીલ્લા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

# ગોધરા શહેર બુધવારે ગણેશ વિર્સજન યાત્રાને લઈ એક દિવસ લાલબાગ બસ સ્ટેશનને ભુરાવાવ ખસેડાશે



ગોધરા,

ગોધરા શહેરમાં બુધવારના રોજ ગણેશ વિર્સજન યોજાનાર છે. ત્યારે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ એસ.ટી.વિભાગ દ્વારા એક દિવસ માટે લાલબાગ એસ.ટી.બસ સ્ટેશન ભુરાવાવ ખાતે ખસેડવામાં આવશે. એક દિવસ માટે મુસાફરોને ભુરાવાવ સુધી લાંબા થવું પડશે.

ગોધરા શહેરમાં ભકતોનું આતિથ્ય ભાવ માણવા પધારેલ શ્રીજી પાંચ દિવસ પુરા કરીને છઠ્ઠા દિવસે શહેરમાં વિર્સજન યાત્રા યોજાનાર છે. વિર્સજન યાત્રાને લઈ જીલ્લા વહીવટી તંત્ર પોલીસ વિભાગ, પાલિકા તંત્ર શાંતિપૂર્ણ માહોલમાં ગણેશ વિર્સજન યાત્રા યોજાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ગોધરા એસ.ટી.વિભાગ દ્વારા ગણેશ વિર્સજન યાત્રાના એક દિવસ બુધવારના રોજ લાલબાગ એસ.ટી. બસ સ્ટેશનને ભુરાવાવ ખાતે ખસેડવામાં આવશે. જેને લઈ ગોધરા શહેરમાં એસ.ટી.બસ પ્રવેશ નહિ કરીને બાયપાસ રોડ ઉપર થી ભુરાવાવ બસ સ્ટેશનમાં આવશે તેમ એસ.ટી. વિભાગીય નિયામક દ્વારા જાણાવ્યું છે.

# સરકારી ઈજનેરી કોલેજ ગોધરાનો વિદ્યાર્થી DYSP વર્ગ -૧ માં નિમણુંક પામ્યો



ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાની મિકેનિકલ ઈજનેરી વિદ્યાશાખાના બેચ ૨૦૧૭ના પાસ આઉટ તેજસ્વી વિદ્યાર્થી મિલનભાઈ પ્રકાશકુમાર મોદી, મૂળ વિસનગર (જિલ્લો મહેસાણા)ના વતની GPSC કલાસ ૧/૨ માં સમગ્ર ગુજરાતમાં ૧૫ મા નંબર સાથે ઉતીર્ણ થયાં છે. જેમને DYSP વર્ગ -૧ કેડર પ્રાપ્ત થઇ છે. આજરોજ સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા પરિવાર વતી આચાર્ય પ્રો. એ.કે.પટેલ વિદ્યાર્થીનું મોમેન્ટો આપી સન્માન કર્યું હતું અને જણાવ્યું હતું કે, સમગ્ર સંસ્થા આપના પ્રતિ ગર્વ અનુભવે છે. આપને સફળતા માટે અભિનંદન અને ઝળહળતી કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. એમના પરિવારના સભ્યો પણ હાજર રહ્યા હતા. તેમને સંસ્થા વતી પ્રો. દીક્ષિત પાઠક, પ્રો. અનંત શેઠ, પ્રો. નીતિ દેસાઈ, પ્રો. જી.એ. રાઠવા, પ્રો. પોમલ, પ્રો.એસ. એલ. પંચાલ એ આશીરવચન આપ્યા હતા. ઉપરાંત મિકેનિકલ વિભાગના પ્રો.અલ્પેશ મહેતા, પ્રો.વિપુલ ભટ્ટ, પ્રો. એન.જે.પરમાર, પ્રો. હાર્દિક શુક્લ વિગેરે અદયાપકો એ રૂબરૂ/ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી અને વિભાગ તેમજ સંસ્થાનું નામ રોશન કરતા રહો એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# કાલોલ માં શકિત યુવક મંડળના માઈ ભકતોનો સંઘ અંબાજી પગપાળા જવા રવાના



કાલોલ,

કાલોલ શહેરના માં શકિત યુવક મંડળના ૧૦૦ જેટલા માઈ ભક્તોનો સંઘ દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ અંબાજી માતાના દર્શનાર્થે બાવન ગજની ધજા સાથે પગપાળા રવાના થયો. અંબાજી માતાના દર્શનાર્થે જતા સંઘને માઈ ભક્તો એ વિદાય આપી સંઘ વાજતે ગાજતે માતાજીના રથ સાથે રવાના થયો. માઈ ભક્તો જય જય અંબે બોલ માડી અંબેના નાદ થી વાતાવરણ ભક્તિની તરબોળ થયું.